## આર્યોનું હંસગીત

અશ્રાન્તને શ્રી મળતી નથી જ!
સુણ્યું અમે, રોહિત! વિપ્ર પાસથી;
પાપી ખરે આળસુ જે રહે છે,
છે ઉદ્યમીનો પ્રભુ મિત્ર સાચે!
સદાય એથી ફરતા રહો જ. ૧

જંઘા બને પુષ્પ પરિશ્રમીની,
શ્રમી જ પામે ફળ સૌ મધુરાં;
પાપો બધાં નષ્ટ બને શ્રમીનાં,
સદાય એથી ફરતા રહો જ. ૨

બેસી રહે ભાગ્ય જ બેસનારનું,
ઉભું થતું ભાગ્ય જ ઉઠનાર
સૂઈ રહે ભાગ્ય સુનાર કે
ને ચાલતું ભાગ્ય જ ચાલનારનું. સદા
સૂઈ રહો તો કળિ થાય કાર
બેઠાં થતાં દ્વાપર તો ગણ
ગણાય ત્રેતાયુગ ઊભવા
ને ચાલતાં સત્ય તણો જ યુગ. સદા

રમણપ્રસાદ થાળ પાંચમો

# રમણસુધા

[ રમણગીતા, ગીતાસંકલન, ઉપદેશસાર
તથા અન્ય રસગીતો ઈ. સામગ્રી સહ ]

Raman Maharshi

: સંપાદિકા :
...બાદેવી મંગળભાઈ પટેલ
બી. એ.

...સ, નાનાપોર, નડિયાદ.

7
BL
07
2P2
Faculty of Arts
(5 x 54)
R A M

E. E. D. F. No. 71

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA.
सत्यं शिवं सुन्दरम्

Arts Faculty
Library

Class No. B×54 R417
Book No. 25993

No. 25993
Rs. 0-6-0
D-27-1-55
HANSA MEHTA LIBRARY
THE UNIVERSITY OF BARODA

શ્રીભગવાનચરણે

ગુરુદેવ ભગવાન રમણની એ પરમ કરુણા છે કે એમના બોધ અને કીર્તનની ઘણી ઉપયોગી અને કીમતી રસસામગ્રી મારા પ. પૂ. ગુરુબંધુ સ્વામીશ્રી રમણાનંદ સરસ્વતીજી વગેરે દ્વારા રમણપ્રસાદના ચાર થાળ રૂપે શિષ્ટ મિષ્ટ ને ઇષ્ટ પ્રાસાદિક પદ્યમાં ગૂજરાતને સાદર થઈ ચૂકી છે! હિંદની કોઈ પણ ભાષામાં ગુજરાતી જેટલું અને જેવું કાવ્યાત્મક સુંદર, સુરેખ ને સરસ રમણસાહિત્ય હજી સુધી પ્રકટ્યું નથી. એ ખરે જ ગુજરાતને ગૌરવ અને આનંદનો વિષય ગણાય!

**રમણપ્રસાદનો** આ પાંચમો થાળ **રમણસુધા** નામે પ્રસિદ્ધ થાય છે એમાં **રમણગીતા** અને **ગીતાસંકલન** એ બે ભગવાનની મુખ્ય સામગ્રી છે. ઉપરાંત કેટલીક અનુષંગી રસસામગ્રી સહર્ષ અને કેટલીક સસંકોચ (મારાં છેલ્લાં ચાર ગીતો) પણ પીરસવામાં આવી છે.

BL
1107
R2P2



આ સંપાદન મને નસીબ થયું એમાં હું મારી ખુશકિસ્મતી અને ખુશાલી અનુભવું છું અને એને સાભાર પ્રગટ કરવાની તક જતી કરી શકતી નથી. હવે **રમણવાણી** રૂપે છઠ્ઠો થાળ વહેલો વહેલો પ્રકટાવવાની ભગવાન તક સંપડાવે એ જ અભ્યર્થના. આશા છે કે ગુજરાતની સંસ્કારી રસિક અને અધ્યાત્મ-રસિક જનતા એને વધાવી લેશે અને એ તથા [illegible] આસ્વાદશે.

આ થાળના સંપાદનની જવાબદારી મારે શિર આવી પડી એને મેં રમણીય ને સ્મરણીય ઇષ્ટાપત્તિ રૂપે વધાવી લીધી છે. એમાં મળેલાં કીમતી સૂચનો અને સહકાર બદલ ધન્યવાદ, અને રહેલી કે અને થયેલી ક્ષતિઓ બદલ ક્ષમા પ્રાર્થના સહ વિરમીશ. અસ્તુ

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University of Baroda
Call No. BL 1107 R2P2
25993

રેંટીઆ બારશ ૨૦૧૦
પ્રભુનિવાસ, નાનાપોર
નડિઆદ

માતગુજરીની રંક દીકરી
**સુધાદેવી મંગળભાઈ પટેલ**
સંપાદિકા

25993

પૂ. શ્રી ઇશ્વરભાઈ રણછોડભાઈ પાદરીઆકર



THE M. S. UNIVERSITY LIBRARY OF BARODA

દુહિતા સુહિતા પારુ સમર્પું આ 'સુધાંજલિ;'
ઉદ્ધારો તનયા તાત, સાશીર્વાત્સલ્ય વર્ષણે!

BL
1107
R21

TH
Th

Call
BL
110
-R21



ॐ नमो भगवते श्री रमणाय।

# શ્રી રમણગીતા

## પહેલો અધ્યાય

### ઉપાસનાનું પ્રાધાન્ય.

**રમણગીતા** ના શ્રીમાન્ કાવ્યકંઠ ગણપતિમુનિ રચિત સંસ્કૃત શ્લોકો કે ગદ્યાનુવાદ સ્થળસંકોચાદિ કારણે આપી શકાયા નથી. એમાં શ્રી ભગવાનરચિત એક જ શ્લોક ૨–૨ છે તે તો છપાયો છે જ. **રમણગીતાની** પહેલી આવૃત્તિ ઉપલબ્ધ નહિ હોવાથી આ સુંદરતર અને સરલતર પદ્યાનુવાદ જ હાલ તો ખરે આશીર્વાદરૂપ થઈ પડશે એવી શ્રદ્ધા છે.—સંપાદિકા

**કાર્તિકેય નરાકારે મહર્ષિ રમણે નમી;**
**બોધાય ગ્રંથ રૂપે આ પ્રસન્ન મત એમનો. ૧**
**સને ઓગણીસો તેરે શિયાળે ડિસેમ્બરે,**
**ઓગણી ત્રીસ તારીખે ગીતા પ્રારંભ આ થયો. ૨**

સર્વે બેઠા હતા શિષ્યો સુવ્યવસ્થિત આશ્રમમાં,
નિર્ણય જાણવા સારુ પૂછ્યું મેં ભગવાનને. ૩

પહેલો પ્રશ્ન:

સત્યાસત્ય વિવેકે જ સાંપડે મુક્તિ શું ખરી ?
કે બંધે છુટવા સારુ બીજાં સાધન છે ખરાં ? ૪

બીજો પ્રશ્ન:

બસ શું શાસ્ત્ર ચર્ચાથી મુક્તિ જિજ્ઞાસુને મળે ?
ગુરુબોધાનુસારે કે ઉપાસના જરુરી છે ? ૫

ત્રીજો પ્રશ્ન:

સ્થિતધી સ્વસ્થિતપ્રજ્ઞા પીછાણે કઇ રીતથી ?
ઠરી જ્ઞાને વિરામે કે માણીને પરિપૂર્ણતા ? ૬

ચોથા પ્રશ્ન:

શાં ચિહ્નને પ્રભુ જ્ઞાનીને વિદ્વાનો ઓળખી શકે ?

પાંચમો પ્રશ્ન:

સમાધિ જ્ઞાન સારું છે કે કૈં ઇપ્સિત સાધવા ? ૭

છઠ્ઠો પ્રશ્ન:

સાધતાં યોગ કામાર્થે કો જ્ઞાન મેળવે કદી,
તો જે તે કામના એની સફળ થાય કે નહિ ?



કરુણાનિધિએ મારા આ પ્રશ્નો સાંભળી બધા,
સંશય છેદતી વાણી ઉચ્ચર્યા રમણપ્રભુ. ૯

પ્રથમ પ્રશ્નનો ઉત્તર:

એકલી આત્મનિષ્ઠા જ છોડાવે સર્વ બંધને
સત્યાસત્ય વિવેકે તો વૈરાગ્ય સાધના થતી. ૧૦
જ્ઞાની તો માત્ર આત્મામાં સદા ગંભીર થૈ રહે;
માને ના જગને જુદું આત્મથી અન્યતા ય ના. ૧૧

બીજા પ્રશ્નનો ઉત્તર:

જિજ્ઞાસુ શાસ્ત્રચર્ચાથી સિદ્ધિ તો પામતા નથી,
ઉપાસના વિના સિદ્ધિ નિશ્ચયે મળતી નથી, ૧૨
સહજ સ્થિતિ અભ્યાસે એને ઉપાસના કહી;
ને સ્થિર સિદ્ધિને પામે ત્યારે જ્ઞાન થતું ખરું. ૧૩
વિષયો સૌ ત્યજી હૈને સ્થાપે સ્થિતિ સ્વભાવથી,
જ્ઞાનજ્વાળારૂપી એને કહી સહજ સંસ્થિતિ. ૧૪

ત્રીજા પ્રશ્નનો ઉત્તર:

વાસનાહીન મૈને જે સહજ સ્થિતિમાં સ્થિર:
જ્ઞાન સુજ્ઞાન આત્માને નિઃસંદેહ સમર્થતો. ૧૫

ચોથા પ્રશ્નનો ઉત્તર :
સમતા સહુ પ્રાણીમાં જ્ઞાનચિહ્ન ખરૂં જ એ,
પાંચમા પ્રશ્નનો ઉત્તર :
સમાધિ કામનાવાળી ફળાવે કામના ખરે. ૧૬
છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર :
કામાર્થે યોગ સાધી કો સ્થિતપ્રજ્ઞ બને કદી;
કામનાઓ ફળે તો યે સાફલ્યે હરખાય ના.

## બીજો અધ્યાય

### ત્રણ માર્ગ

એક હજાર નૌસો ને પંદરે ઇશુની સને,
ચોમાસે ભગવાને આ સાર્‌ગ્યો બોધ ઉત્તમ ૧

हृदयकुहर मध्ये केवलं ब्रह्ममात्रं
ह्यहमहमिति साक्षादात्मरूपेण भाति ।
हृदि विश मनसा स्वं चिन्वता मज्जता वा
पवनचलनरोधादात्मनिष्ठो भव त्वम् ॥

હૃદય કુહર મધ્યે કેવળ બ્રહ્મ માત્ર,
અહમહમ સાક્ષાત્ આત્મ રૂપે જ ભાસે;
હૃદય મહીં મનથી આત્મ ચિંતી ડુબીને,
પવન ચલન રોધી થાજ તું આત્મનિષ્ઠ. ૨



સુણી અદ્‌ભુત આ શ્લોક શ્રીમુખે ભગવાનના,
શ્રુતિસાર સમો જાણ્યો, એને સંશય ના કશો. ૩
પંચભૂત તણા દેહે આત્માનું સ્થાન હોય ક્યાં?
ભગવાને બતાવ્યું છે પૂર્વાર્ધે શ્લોક આ મહીં. ૪
આત્મલક્ષણ બોધી ત્યાં નિવારે દ્વૈત શ્રીપ્રભુ,
પ્રત્યક્ષતા પ્રબોધે છે, નિષેધીને અનેકતા. ૫
અભ્યાસ સારુ શિષ્યોને પરાર્ધે મુક્તિદાયક,
મૂળે એક છતાં ભિન્ન ત્રિમાર્ગ બોધતા પ્રભુ. ૬
આત્મશોધ તણો માર્ગ પ્રબોધ્યો પ્રથમે અહીં,
આત્મમજ્જનનો બીજો ને ત્રીજો પ્રાણરોધનો. ૭

---

## ત્રીજો અધ્યાય

### મુખ્ય કર્તવ્ય શું?

રમણ ગુરુ સાથેનો સંવાદ દૈવરાતનો,
ત્રીજા અધ્યાયમાં ગૂંથ્યો વિદ્વાનમોદ કારણે. ૧
દૈવરાતે પૂછ્યું :
આ સંસારે મનુષ્યોનું મુખ્ય કર્તવ્ય શું? પ્રભો!
નક્કી કરી મને આપ કૃપાળુ સમજાવશો? ૨

શ્રીભગવાન :

નિજસ્વરૂપને જાણો મુખ્ય કર્તવ્ય એ જ છે,
સમાયાં સર્વ કર્મો, ને ફળો એમાં જ નિશ્ચિત ૩

દેવરાત :

નિજ સ્વરૂપના જ્ઞાને સાધન ટૂંકમાં કહો,
શા પ્રયત્ન થકી સિદ્ધ આત્મ દૃષ્ટિ મહામૂલી ? ૪

શ્રીભગવાન :

વાળીને વૃત્તિઓ સર્વે પ્રયત્ને વિષયો થકી,
વિચારે માત્ર થંભે જે નિરુપાધિક ને સ્થિર ૫
નિજ સ્વરૂપનું જ્ઞાન ટૂંકમાં એ જ સાધન;
એ જ પ્રયત્નથી સિદ્ધ આત્મદૃષ્ટિ મહામૂલી. ૬

દેવરાત :

જ્યાં લાગી યોગની સિદ્ધિ થાયે હે મુનિકુંજર,
ત્યાં લગી નિયમો એના યત્નેકે પુષ્ટિ અર્પતા? ૭

શ્રીભગવાન :

યોગસાધક સન્તોને નિયમો પુષ્ટિ અર્પતા,
પણ સિદ્ધ કૃતાર્થોના નિયમો જ ખરી જતા. ૮



દેવરાત :

માત્ર વિચારમાં મગ્ન, ઉપાધિહીન ને સ્થિર;
પામે જે સિદ્ધિ એવી શું મંત્રજાપે મળે ખરી? ૯

શ્રી ભગવાન :

અચંચળ કરી ચિત્ત મંત્રજાપ જપે સદા
શ્રદ્ધાળુની સદા સિદ્ધિ મંત્રે કે પ્રણવે થતી ૧૦
મંત્રના જાપથી વૃત્તિ કે શુદ્ધ પ્રણવે કરી,
વિષયોથી વળી પાછી નિજસ્વરૂપમાં ઠરે. ૧૧
એક હજાર નૌસો ને સત્તર ઈશુની સને,
જુલાઈ સાતની રાતે દિવ્ય સંવાદ આ થયો.

---

## ચોથો અધ્યાય

### જ્ઞાનનું સ્વરૂપ

પ્રશ્ન :

अहंब्रह्मास्मि ની વૃત્તિ શું જ્ઞાન મુનિકુંજર?
કે ब्रह्माहं अहंसर्वं બુદ્ધિને જ્ઞાન માનવું? ૧
યા તો 'આ સઘળું બ્રહ્મ' જ્ઞાન રૂપ મનાય છે?
આ ચાર વૃત્તિથી જુદું છે કે જ્ઞાન વિલક્ષણ ? ૨

ઉત્તર :

સુણીને શિષ્યનો પ્રશ્ન સદ્ભાવે ગુરુપુંગવ,
ભગવન્ મુનિશ્રી બોલ્યા શ્રી મુખે રમણપ્રભુઃ ૩
વૃત્તિઓ ભાવનાઓ છે એમાં સંશય ના કરો;
જ્ઞાનીઓ જ્ઞાન ભાખે છે સ્વરૂપે શુદ્ધ સંસ્થિતિ ૪
સંશય છેદનારા આ વચનો ગુરુનાં સુણી,
ફરી સંશય જાગ્યો તે પૂછયો મેં ગુરુવર્યને. ૫

પ્રશ્ન :

વૃત્તિ ગમ્ય બને બ્રહ્મ, કે ના? હે તાપસેશ્વર!
હૃદયવ્યાપ્ત આ મારો કાપો કૃપાળુ સંશય. ૬
સુણીને પ્રશ્ન આ મારો, શરણાગત વત્સલે,
કૃપાકટાક્ષ ફેંકીને કહ્યાં આ વચનો મને. ૭

ઉત્તર :

સ્વાત્મ રૂપ જ છે બ્રહ્મ પ્રીછવા વૃત્તિ જો વળે;
સ્વાત્માકારે ગળી જાતી ભિન્નતા ક્યાં પછી રહે? ૮
ત્રીજા અધ્યાયની સાલે એકવીસ જુલાઈ એ;
અમારો હર્ષ દેનારો લઘુ સંવાદ આ થયો. ૯



# પાંચમો અધ્યાય

## હૃદયવિદ્યા

ઑગસ્ટ નવની રાતે એ જ વર્ષે મુનીશ્વરે;
હૃદય વિષયે રુડો આપ્યો સુંદર બોધ આ, ૧

શ્રીભગવાન :

જેમાંથી દેહધારીની વૃત્તિઓ સર્વ નીસરે;
કહે હૃદય એને જ ભાવના રૂપ છે જ એ. ૨
તમામ વૃત્તિઓ મૂળે અહંવૃત્તિથી નીપજે;
જ્યાંથી ઉઠે અહં બુદ્ધિ ત્યાં જ હૃદય માનવું. ૩

પ્રશ્ન :

ચક્ર અનાહતે હોય સ્થાન હૃદયનું કદી,
આરંભ યોગનો શાને તો મૂળાધાર ચક્રથી? ૪

શ્રી ભગવાન :

સ્થૂળ હૃદયથી ન્યારું આ તો હૃદય જૂજવું;
'हृद अयम्' વૃત્તિથી એમાં આત્મસ્વરૂપ સૂચવે. ૫
છાતીમાં જમણે જાણો, ના ડાબે, સ્થાન તે તણું;
ત્યાંથી જ્યોતિ સહસ્રારે સુષુમ્ણા સોંસરો ચઢે. ૬

ત્યાંથી જ્યોતિ બધે દેહે ફેલાતાં ભાન થાય છે,
ભેદ દૃષ્ટે જુએ જે એ સંસાર ચક્રમાં ભમે. ૭
આત્મનિષ્ઠે સહસ્રાર શુદ્ધ જ્યોતિર્મયી બને;
ને શમે સર્વ સંકલ્પ જે કો ત્યાં કદી ઉપજે. ૮
વિષયો પડખે હોય, તો ય તે જાણતાં છતાં,
ભેદ બુદ્ધિ શમી તેથી યોગભંગ ન કો બને ૯
માનો એ સહજાવસ્થા ભેદે ય સ્થિર બુદ્ધિ જે,
અભાન વિષયો કેરું નિર્વિકલ્પ સમાધિ એ. ૧૦
વસે બ્રહ્માંડ આ દેહે ને દેહ તો હૃદયા વિષે;
બધા બ્રહ્માંડનું માનો હૃદય રૂપસંગ્રહ. ૧૧
જગ ના મનથી જૂદું, હૈયું ના મનથી ત્યમ,
આથી તમામ વાતો તો હૈયામાં જ સમાય છે. ૧૨
પ્રકાશે પિંડને હૈયું પ્રકાશે ભાનુ વિશ્વને:
સહસ્રારે પ્રકાશે છે, મન તો ચંદ્રબિંબ શું ! ૧૩
પોતાનું તેજ આપે છે સૂર્ય તો ચંદ્રને જયમ;
તેમ હૃદય તો આપે સ્વજ્યોતિ મનને સદા. ૧૪
ના જેને હૃદયપ્રાપ્તિ તે માત્ર મનને જુએ;
રાત્રે સૂર્ય ન હોવાથી દેખાયે જેમ ચંદ્રમા. ૧૫



તેજના મૂળ સત્યાત્મા સ્વસ્વરૂપ ન દેખતાં;
મનથી ભેદતા કલ્પી પામરો ભેદમાં ભમે. ૧૬
નિષ્ઠા જેને હૃદે જામે સૂર્ય ચંદ્ર પ્રભા સમી;
ભળે એ મનનું તેજ હૃદય તેજને વિષે. ૧૭
વાચ્યે મન, લક્ષ્યે હૈયું જ્ઞાની પ્રજ્ઞાનને લહે.
ન કો હૃદયથી શ્રેષ્ઠ હૃદય આત્મધામ જ ! ૧૮
દ્રષ્ટા ને દૃશ્યનો ભેદ રહે છે મનને વિષે,
હૃદયસ્થ નરોને તો અભેદ બેઉનો થતો. ૧૯
નિમિત્તે ભય મૂર્છા ના નિદ્રા કે શોક હર્ષ ના;
ઠેલાઈ મનથી વૃત્તિ ઠરે સ્વસ્થાનમાં હૃદે, ૨૦
હૃત્પ્રાપ્તિ તણું ભાન દેહીને તો ય ના થતું:
થાય સમાધિથી ભાન નામ ભેદો નિમિત્તથી. ૨૧

---

## છઠ્ઠો અધ્યાય

### મનોનિગ્રહનો ઉપાય

ભગવાન રમણે આમ, બોધી હૃદયતત્ત્વને,
ચીંધ્યો કૃપાળુએ માર્ગ મનોનિગ્રહનો મૃદુ. ૧

વળગ્યો વૃત્તિમાં જાય આસક્ત વિષયે રહે,
તણાતો વાસના પૂરે, એને નિગ્રહ આકરો. ૨
એવા આ પ્રાણ રોધને રોકવું ચાવળું મન;
પાશે બાંધ્યા પશુ જેમ મન ના ચસકે પછી. ૩
વૃત્તિઓ વશમાં આવે પ્રાણરોધન સાધતાં,
વૃત્તિરોધ થતાં જીવ જન્મસ્થાને જઇ ભળે. ૪
મનથી પેખવો પ્રાણ, એ જ છે પ્રાણ રોધના,
કુંભક સિદ્ધ તો થાય એના નિત્ય નિરીક્ષણે. ૫
સાધી શકે ન જે કોઈ, આ રીતે કદિ કુંભક;
હઠયોગ વડે તે તો ભલે કુંભક સાધતો. ૬
એક રેચકની માત્રા એક પૂરકની ત્યમ,
કુંભકે ચોગણી માત્રા નાડી શુદ્ધિ કરે સદા. ૭
નાડી શુદ્ધ થતાં થાય પ્રાણરોધ ક્રમે ક્રમે;
સર્વથા પ્રાણનો રોધ એ જ છે શુદ્ધ કુંભક. ૮
દેહાત્મ ભાવનો ત્યાગ કહે બ્રહ્મજ્ઞ રેચક;
પૂરક આત્મની શોધ કુંભક સહજ સ્થિતિ. ૯
તેમ મંત્ર તણા જાપે મનનો નિગ્રહ સંભવે;
ત્યારે મંત્ર મન પ્રાણ એક રૂપ બની જતા. ૧૦



મંત્ર પ્રાણ તણું ઐક્ય એ જ ધ્યાન ગણાય છે,
દૃઢ ધ્યાને સધાયે છે આત્મની સહજ સ્થિતિ. ૧૧
દૃઢચિત્ત મહાસંતો તણા સત્સંગથી સદા,
મન સ્વસ્થાનમાં લીન શાન્ત દૃઢ થઈ રહે. ૧૨

---

## સાતમો અધ્યાય

### આત્મવિચારના અધિકારીઓ

ભગવાન્ રમણાચાર્ય ને ભારદ્વાજ કાર્ષ્ણિનો,
શ્રેષ્ઠ સંવાદ વર્ણાયે અધ્યાય સાતમે અહીં. ૧

કાર્ષ્ણિ:

આત્મવિચારનું રૂપ ને પ્રયોજન શાં હશે?
ને એના ફળથી મોટું કશાનું ફળ હોય છે? ૨

શ્રીભગવાન:

ઉપજે વૃત્તિઓ સર્વે જે અહંસ્થાનથી સદા;
યુક્તિથી શોધવું સ્થાન યતિએ યત્ન આદરી. ૩
આત્મવિચાર માનો આ ન શાસ્ત્ર પરિશીલના;
નાશ પામે અહં નિશ્ચે શોધાતાં મૂળસ્થાન આ. ૪

જ્યારે આભાસ આત્માનો અહંકાર મરી જતો,
આત્મા સત્ય, વિભુ, પૂર્ણ કેવળ એકલો રહે. ૫
નિવૃત્તિ સર્વ ક્લેશોથી ફળ આત્મવિચારનું,
ફળોમાં અવધિ રૂપ, એથી કો ફળ ના ચઢે ૬
અદ્‌ભુત સિદ્ધિઓ છોને, સાંપડે કો ઉપાયથી,
એ સૌ મળ્યા છતાં અંતે ક્લેશનિવૃત્તિ ચિંતને. ૭

કાર્ષ્ણિ :

આત્મવિચારનો કોણ અધિકારી ગણાય છે?
જાણી શકાય શું જાતે સંપત્તિ અધિકારની? ૮

શ્રીભગવાન :

પૂર્વ પુણ્યે થયો શુદ્ધ યા તો ઉપાસના થકી;
દેહ ને વિષયો દેખે દોષપૂર્ણ મન કરી ૯
વીંટાયો વિષયે તોયે, મનમાં તો ઘૃણા અતિ;
દેહ અનિત્ય માને જે અધિકારી જ એ ખરો ૧૦
દેહે નશ્વરતા ભાવ, વૈરાગ્ય વિષયો મહીં;
આ જ બે લક્ષણે જાણો પોતાના અધિકારને. ૧૧

કાર્ષ્ણિ :

સ્નાન, સંધ્યા, જપો, હોમો સ્વાધ્યાય, દેવપૂજન
સંકીર્તન તથા યાત્રા યજ્ઞદાન વ્રતો વળી. ૧૨



કરે વિવેક વૈરાગ્યે અધિકારી ય જો કદી,
લેખે લાગે વિચારે ? કે કાળક્ષેપ જ એ બને ? ૧૩

શ્રીભગવાન :

ઘટતા રાગવાળા જે નવીન અધિકારી છે,
આ સહુ કાર્યથી એની ચિત્ત શુદ્ધિ બને ઘણી. ૧૪
દેહે ને મન વાણીનાં થાય સુકર્મ જે બધાં,
દુષ્કર્મ ગત જન્મોનાં તે તે દૂર કરે બધાં. ૧૫
જે પક્વ અધિકારીનું અતિશુદ્ધિ થયું મન;
કર્મ વળગણા રાખે લોકસંગ્રહ હેતુથી. ૧૬
પાકા જ્ઞાની કરે કર્મો સેવા કે બોધ કારણે,
ન કે કો ભયથી તેમ કે શાસ્ત્રાદેશ કારણે, ૧૭
ન નડે પુણ્ય કર્મો તો આત્મવિચારમાં કદી,
કર્યાં એ કર્મ જો તાત સંગ ને ભેદથી છૂટી. ૧૮
આત્મશોધક પક્વીને ન કર્યે પાપ તો કશું;
સ્વશોધ તો મહાપુણ્ય પવિત્રમાં પવિત્ર એ, ૧૯
આરૂઢ અધિકારીની નિષ્ઠા તો બે પ્રકારની;
ત્યાગ એકાન્ત યોગે કે કર્માદર પરાર્થમાં. ૨૦

કાર્ષ્ણિ :
આત્મવિચારથી જૂદો, મોક્ષનો માર્ગ હોય તો,
ભગવાને કૃપા ધારી મને બતાવવો ઘટે. ૨૧

શ્રીભગવાન :
મોક્ષ સારુ મથે કોઈ તો કોઈ આત્મ કારણે
દીર્ઘકાળમથી અંતે મોક્ષાર્થી આત્મ પામતો. ૨૨

ધ્યાને સાધકનું ચિત્ત એકાગ્રતા ધરી શકે,
એકાગ્ર બનતાં ચિત્ત સ્વરૂપ સ્થિતિ સાંપડે. ૨૩
ધ્યાનમાં સાંપડે એને અજાણ્યે આત્મસંસ્થિતિ.
ને વિચારક તો પામે સજ્ઞાને આત્મસંસ્થિતિ. ૨૪

દેવતા, મંત્ર કે કાંઈ ઉત્તમ ધ્યેય જે ધરે.
આખરે ધ્યેય તો એ ય આત્મજ્યોતિ મહીં ભળે,
ધ્યાની વિચારકો બન્ને ગતિ એક જ પામતાં;
ધ્યાની ધ્યાનેથતો શાન્ત જ્ઞાની આત્મવિચારથી. ૨૬

---

## આઠમો અધ્યાય

### આશ્રમવિચાર

શ્રીભગવાન :
કાર્ષ્ણિનો વળતો પ્રશ્ન સુણી શ્રીરમણપ્રભુ;
બોધે આશ્રમ ચારેના, અધિકાર જુદા જુદા. ૧



બ્રહ્મચારી, ગૃહસ્થી કે વનસ્થી અથવા યતિ,
સ્ત્રી, શૂદ્ર હર કો યોગ્ય બ્રહ્મવિચારણા કરે. ૨
બ્રહ્મપ્રાપ્તિ નિમિત્ત આ, સીડી પગથિયાં સહુ;
અતિ ઉગ્રાધિકારીને ના નડે ક્રમબંધના. ૩

લોકસંગ્રહ સિદ્ધ્યર્થે બોધ્યો છે આશ્રમ ક્રમ;
ના નડે જ્ઞાનને તેમ આદિ ત્રણે ય આશ્રમો. ૪
શુદ્ધ જ્ઞાન જ સંન્યાસ, મુંડન ગેરુ ના કશું;
બચવા પ્રતિબંધે સૌ રચાયા આશ્રમો બધા. ૫

બ્રહ્મચર્યાશ્રમે વિદ્યા, જ્ઞાન વ્રતાદિ કર્મથી,
જાગે જેને મહાશક્તિ તે જ્યોતિમાં જઇ ભળે ૬
વિશુદ્ધ બ્રહ્મચર્યાથી બને ગાર્હસ્થ્ય નિર્મળ,
આધાર આશ્રમો સૌનો ગૃહસ્થાશ્રમને ગણો. ૭

વીતસંગી બધી રીતે જે ગૃહસ્થી બની રહે;
નિઃસંશય પરાજ્યોતિ સ્ફૂરે છે એ ગૃહી વિષે ૮
પ્રમાણે પંડિતો શ્રેષ્ઠ ત્રીજાને તપસાશ્રમ;
અપત્નીક સપત્નીક કો રીતે પાળવો ખરે. ૯

તપે પાપ બળી જે કો પક્વચિત્ત બની ગયો;
ચોથો આશ્રમ પામે તે. સહેજે કાળ પાકતાં. ૧૦
ઓગણી સત્તરે સાલે ઓગસ્ટ આઠ, બારમે,
ભગવાને ક્રમે બોધ્યા અધ્યાયો સાત આઠમા. ૧૧

---

## નવમો અધ્યાય

### ગ્રંથિનું છેદન

ઓગસ્ટ ચૌદમી રાત્રે પૂછ્યું શ્રી ભગવાનને;
ગ્રંથિભેદનો પ્રશ્ન મુંઝવે જ્ઞાનીને ય જે. ૧
સુણીને પ્રશ્ન આ મારો તેજસ્વી મહામુનિ;
ધ્યાને દિવ્ય ધરી ભાવ વદ્યા સ્વલ્પ મૃદુ સ્વરે. ૨
આત્માને દેહથી ગંઠે એને જ ગ્રંથિ તો કહે;
ભાસે આ ગાંઠથી આત્મા કેવળ દેહ રૂપ જ. ૩
દેહ તો જડ છે માત્ર આત્મા ચેતન રૂપ જ,
સંબંધ બેઉનો જાણો વિજ્ઞાને અનુમાનથી. ૪
બાકી, શરીર તો વર્તે વીંટ્યું ચૈતન્ય આશ્રયે;
નિદ્રાદિ વિષયાભાને આત્મભાન ટકે જયમ. ૫
વિદ્યુદાદિ બળો સૂક્ષ્મ સ્થૂળ તંત્રાદિમાં વહે;
દેહે નાડી મહીં તેમ ચૈતન્યજ્યોતિ વિસ્તરે. ૬
પ્રકાશે વિશ્વને જેમ ભાનુ એક સ્થળે રહી
ચૈતન્યજ્યોતિ તો તેમ, પ્રકાશે દેહ આ બધો. ૭
શરીરવ્યાપ્ત તેજે આ અનુભવો જુદા જુદા,
જ્ઞાનીઓ ઓળખાવે તે રુડા હૃદય નામથી. ૮



નાડીની શક્તિના રૂપે ચૈતન્ય કિરણો ઝળે,
દેહની શક્તિઓ સર્વે વિવિધ નાડીમાં વસે. ૯
મૂળ ચૈતન્ય તો ખાસ વસે જે નાડીને વિષે,
સુષુમ્ણા આત્મનાડી કે અમૃતનાડી એ જ છે. ૧૦
વ્યાપે ચૈતન્ય દેહે આ, અભિમાને છતાં જીવ,
માને શરીરને આત્મા ને વિશ્વ નિજથી જુદું. ૧૧
અભિમાન ત્યજી સુજ્ઞ, ને આત્મબુદ્ધિ દેહમાં;
એક ચિત્તે વિચારે તો નાડી મંથન સાંપડે. ૧૨
નાડીમંથનથી માત્ર આત્મા નાડી થકી છૂટી,
વસી અમૃત નાડીમાં પ્રકાશે એકલો હસી. ૧૩
ઉજળો આત્મનો જ્યોતિ આત્મનાડે ઝગે જવ,
આત્માથી જુજવું કાંઈ નજરે ના પડે તવ. ૧૪
દેખાય પડખે જે કૈં ના ભાસે દેહથી જુદું,
પામરો દેહને દેખે તેમ એ આત્મ દેખતો ૧૫
રૂપાદિ પામરો દેખે તેમ આત્મા જ જે જુએ.
માંહે બાહ્યે બધે આત્મા ગ્રંથિભેદ થયો ખરે. ૧૬
અહંતા, નાડીસંબંધ ગ્રંથિઓ બે ગણાય છે,
આત્મા સૂક્ષ્મ છતાં પેખે સ્થૂળ સૌ નાડી બંધથી. ૧૭

બધી નાડે છૂટી જ્યોતિ આત્મનાડે ઠરે જવ,
ત્યારે ગ્રંથી છુટી જાય ને ખીલે આત્મભાવ જ.૧૮
તપ્યો લોખંડનો ગોળો ભાસે અગ્નિસમો જ્યમ,
તપી આત્મા વિચારાગ્ને આત્મામય બને બધું.૧૯
દેહાદિ આશ્રયે લગ્ન સૌ પૂર્વવાસના ટળે,
દેહભાન ખરે એને કશું કર્તૃત્વ ના રહે. ૨૦
કર્તૃત્વાભાવથી નાશે કર્મો તમામ તે તણાં;
ન કો વસ્તુ સ્વથી જુદી તો ત્યાં કયા સંશયો ટકે?૨૧
એક વાર છુટે ગાંઠ ફરી બંધાય ના કદી,
આ જ સ્થિતિ પરાશક્તિ આ જ શાન્તિ પરા વળી.

## દસમો અધ્યાય

### સંઘવિદ્યા

મહર્ષિ રમણાચાર્ય ને યતિ યોગનાથનો,
અધ્યાય દશમે ગૂંથ્યો સંવાદ સંઘહર્ષદ. ૧

યોગનાથ :
સંઘ સાંઘિકનો હોય શો સંબંધ મહામુનિ ?
સંઘના હિતમાં આપે એ મને બોધવો ઘટે. ૨



શ્રીભગવાન :
દેહ શો સંઘને જાણો, વિવેકે સાધુસત્તમ,
શોભિતાં નિજ કર્મોથી અંગો શાં સાંઘિકો જુએ !૩
અંગો શરીરને થાય, ઉપકારક, હે યતિ;
પામે છે, જય સાંઘિકો સંઘને ઉપકારીને. ૪
મન વચન કાયાથી સાંઘિકે સંઘ સેવવો;
સદાય સેવના સાચી આત્મીયોને ય પ્રેરવા. ૫
સંઘાનુકૂળ તો બાંધો સ્વકુળ ખૂબ ખૂબીથી,
પછી સંઘોન્નતિ સાધો સાધવી સ્વકુલોન્નતિ. ૬

યોગનાથ :
પ્રશંસે શાન્તિ કો જ્ઞાની પ્રશંસે શક્તિ અન્ય કો,
સંઘનું ક્ષેમ એ બેમાં, કયો ગુણ કરે, વિભો ? ૭

ભગવાન :
શોધે સ્વમનને શાન્તિ, વધારે શક્તિ સંઘને;
શક્તિથી સંઘ ઉંચે લે સ્થાપવી શાન્તિ એ પછી.૮

યોગનાથ :
ઋષિકુંજર પૃથ્વી પે, સમસ્ત સંઘસંવિદું,
સામુદાયિક શું ધ્યેય હોઇ શકે કહો, પ્રભો !

ભગવાન :

સારા સમાજ સંધીનું પરમ ધ્યેય એ જ કે.
સમાજે સ્થાપવી હોંશે સમભાવે સુબંધુતા ૧૦
સમાજે એક બીજામાં બંધુતા જત્ર જામતી
સોહે વિશ્વ સુશાન્તિમાં એક કુટુંબ શું અહા ? ૧૧
ઓગણી સત્તરે વર્ષે ઓગસ્ટ પંદર દિને;
મહર્ષિ યતિ સંવાદ થયો આ મધુરો મૃદુ. ૧૨

---

## અગિયારમો અધ્યાય

### જ્ઞાન અને સિદ્ધિની સમરસતા

માનવરૂપમાં છુપ્યા પરબ્રહ્મ મહામુનિ,
નિત્યાત્મસ્થ ગુરુશ્રેષ્ઠ સુભગ બ્રહ્મવર્યને,
સોળમી તારીખે રાત્રે એકાન્ત સ્થળમાં નમી
રમણાચાર્યને પ્રાર્થ્યા દુર્લભ જ્ઞાન પામવા ૧-૨
આપમાં છે પરાનિષ્ઠા આપમાં નિર્મળી અતિ,
આપ વિજ્ઞાનના રાશિ સમુદ્ર જળનો જ્યમ. ૩
કુમળી વયમાં આપે, યશસ્વી વર્ષ સત્તરે,
યોગિદુર્લભ વિજ્ઞાન મેળવ્યું એ ચમત્કૃતિ ! ૪



સઘળા દૃશ્યભાવો આ છાયા શા આપ દેખતા !
એવી તો આપની નિષ્ઠા, કોણ એ વર્ણવી શકે ?
ડૂબતાં ઘોર સંસારે વળગે જે અહીં તહીં,
મથે દુઃખો તરી જવા, એની આપ પરાગતિ ! ૬
દેવે દીધેલ વિજ્ઞાને નરરૂપે સુકાર્તિક,
દેખું હું આપને નિત્યે બ્રહ્મજ્ઞે બ્રહ્મરૂપ જ. ૭
ના સ્વામિશિખરે વાસ કે ના ક્ષણિકપર્વતે,
તમે વેંકટશૈલે ના, આપ તો અરુણાચલે ! ૮
સેવા પ્રસન્ન આપે તો પૂર્વે નારદ ઋષિને,
ભૂમાવિદ્યા તણું હાર્દ બોધ્યું આપકૃપાળુ એ. ૯
'સનત્કુમાર બ્રહ્મર્ષિ' સંબોધ્યા વેદવાદિએ,
'સુબ્રહ્મણ્ય સુરશ્રેષ્ઠ' સંબોધ્યા શાસ્ત્રવેદિએ. ૧૦
ભેદ તો નામમાં માત્ર, ના વ્યક્તિભેદ કૈં મળે,
સનત્કુમાર કે સ્કંદ પર્યાયો સહુ આપના. ૧૧
વેદોક્ત ધર્મ ને નાથ ભૂતલે સ્થાપવા મિષે,
આપ પૂર્વે પ્રગટ્યા'તા વિપ્રશ્રેષ્ઠ કુમારિલ ! ૧૨
જૈનોથી ધર્મ ચુંથાતાં પ્રભો દ્રવિડ દેશમાં,
જ્ઞાનસંબંધ થૈ આપે ભક્તિ સ્થાપી હતી ફરી. ૧૩

લુખાં શાસ્ત્રો તણા જ્ઞાતા બ્રહ્મનું જ્ઞાન રુંધતા,
હવે તે રક્ષવા સારુ પધાર્યા આપ ભૂતલે, ૧૪
શિષ્યોના સંશયો કૈં કૈં નાથ આપ નિવારતા,
તો આ મારો ય સંદેહ આપે નિવારવો ઘટે. ૧૫
જ્ઞાન ને સિદ્ધિઓમાં શું છે વિરોધ પરસ્પર ?
કે છે કશો ય સંબંધ એ બેને મુનિકુંજર ૧૬
પૂછ્યું વિનીત ભાવે આ, ભગવાન રમણે નમી.
દેખી ગંભીર દૃષ્ટિથી મીઠાં વેણ વદે પ્રભુ. ૧૭
સહજ સ્થિતિ પામેલો આચરે તપ આકરું,
સ્વભાવથી જ હંમેશાં ન આળસે દી ફરી. ૧૮
સહજ સ્થિતિમાં નિષ્ઠા એ જ છે આકરું તપ,
એ નિત્ય તપથી વાધે પક્વતા તો પળે પળે. ૧૯
પાકે કાળ યદા તાત જ્ઞાનીને સિદ્ધિઓ મળે,
પ્રારબ્ધયોગથી તે ય વિહરે સિદ્ધિસંગમાં. ૨૦
ભાસે ના મુનિને જુદો જેમ સંસાર આત્મથી,
સિદ્ધિઓ થાય જે કાંઇ ના એને ભિન્ન માનતો. ૨૧
જો ના પ્રારબ્ધ એવું તો શક્તિપૂર્ણ છતાં મુનિ,
કશું કર્યા વિના શાન્ત રહે પ્રશાન્ત સાગર. ૨૨



બીજો માર્ગ ન શોધે એ, પામી આત્મસ્થિતિસ્વતઃ;
કાં કે સૌ શક્તિ સંસ્થાને કેન્દ્રિત આત્મમાં થતી ૨૩
અયત્ન જે તપો થાય એ જ છે આત્મ સંસ્થિતિ;
સહજ સ્થિતિમાં પાકયે શક્તિઓ ઉપજે પછી. ૨૪
વીંટાયો બહુ લોકોથી, જે આત્મસ્થિતિમાં રહે.
કરે છે તપ એ ઘોર, એકાંત કામના વિના. ૨૫
શક્તિશૂન્ય ગણે જ્ઞાન એ તો કશું ન જાણતો,
પૂર્ણશક્ત સ્વરૂપસ્થ બન્યે જ જ્ઞાન પામતો. ૨૬

## બારમો અધ્યાય

### શક્તિવિચાર

ભારદ્વાજ કપાલી જે કાર્યવૃદ્ધ મહામના,
રમણદેવને પૂછે ઓગણી તારીખે જ આ. ૧
કપાલી :
દૃશ્ય દર્શન દ્રષ્ટાની ત્રિપુટી ઋષિવર્ય શે.
જ્ઞાની પામર બંનેના વ્યવહારે ભળાય છે? ૨
ત્યારે પામરથી જ્ઞાની શી રીતે અધિકો ઠરે ?
નાથ આ મુજ સંદેહ આપે નિવારવો ઘટે. ૩

શ્રીભગવાન :
દ્રષ્ટાને વીર ! દેખે જે અભિન્ન નિજ રૂપથી,
વિષયવૃત્તિ એને ના ભાસે ભિન્ન સ્વરૂપથી. ૪
ને જે અભિન્ન ના દેખે દ્રષ્ટાને નિજ રૂપથી,
વિષયવૃત્તિ એને તો ભાસે ભિન્ન સ્વરૂપ ના ૫
આભાસ ભેદનો તો ય જ્ઞાની જુએ અભેદને,
પામરો ભેદમાં દૂબે આભાસને થઇ વશ. ૬

કપાલી :
ત્રિપુટી રૂપ ભેદો આ ભાસે, નાથ ! સ્વરૂપમાં,
અશકિતવન્ત તે છે કે છે શકિતવન્ત તે કહો. ૭

શ્રીભગવાન :
ત્રિપુટીમય ભેદો આ, ભાસે વત્સ સ્વરૂપમાં,
વેદાન્તીઓ કહે એને, સભર સર્વશકિતથી. ૮

કપાલી :
ઇશ્વિરી શકિતને ગાય. વેદાન્ત ખુબ ખુબીથી,
એને ચલન છે કે ના, હે નાથ ! સમજાવશો ? ૯

શ્રીભગવાન :
શકિત સંચલને તાત ઉપજ્યા લોક આ બધા,
ચલનાશ્રય રૂપે જે એને ચલન ના કશું ૧૦



અચલ શકિતની ચાલે ઉપજે લોક જે બધા.
એને જ્ઞાની કહે માયા સ્વરૂપે જે અવર્ણ્ય છે. ૧૧
ભાસે ચંચળતા વત્સ સાચી વિષયિમાં છતાં,
વાસ્તવે ચાલના છે ના, વીર નિજસ્વરૂપમાં. ૧૨
ઇશ્વરી શકિતમાં ભેદ ભાસે છે દૃષ્ટિ દોષથી,
અંતર દૃષ્ટિથી જોતાં બન્ને છે એક રૂપ જ. ૧૩

કપાલી :
ઉપજે ઇશ વ્યાપારે કોટિ બ્રહ્માંડ દૃશ્ય આ,
એ સૌ અનિત્ય કે નિત્ય મને આપ કહો હવે. ૧૪

શ્રી ભગવાન :
પરાશકિત થકી વર્તે તો ય ઇશ અક્રિય,
ઉંડું રહસ્ય આ જાણે કેવળ મુનિઓ મહા. ૧૫
ચલન એ જ વ્યાપાર, વ્યાપાર એજ શકિત છે,
પરમ પુરુષે સર્જ્યું શકિતથી દૃશ્ય આ સહુ. ૧૬
વ્યાપારના પ્રકારો છે, પ્રવૃત્તિ ને નિવૃત્તિ બે,
થયો આત્મા જ સૌ જાણો શ્રૌત માર્ગ નિવૃત્તિનો.
ભેદ બે કાળનો જુઓ 'સૌ' શબ્દે થાય સૂચિત,
'થયું' એ પદથી જાણો વ્યાપાર કોઇ જાતનો ૧૮

'આત્મા'જ બોધતો નિત્યે વૈવિધ્યે એક તત્ત્વને,
આત્મમાં આત્મને ધારો ધ્યેય એ જ પ્રસિદ્ધ છે. ૧૯
શકિત વિના, નર શ્રેષ્ઠ! ન પ્રીછે કો સ્વરૂપને,
પ્રગટે શકિત બે રૂપે વ્યાપાર આશ્રયે કરી. ૨૦
વ્યાપાર પંડિતે જાણે વિશ્વસર્જન આદિને,
જાણો આશ્રય ના જુદો, હે વીર સ્વસ્વરૂપથી. ૨૧
અન્યાપેક્ષા સ્વરૂપે ના, છે સર્વાત્મક આપ જ,
શકિત, સ્વરૂપ ને વૃત્તિ જે જાણે એ જ જાણતો. ૨૨
વૃત્તિ તણો થયે લોપ. જુજવા ભાવ ના રહે,
સત્તા જો શકિતથી છૂટે વૃત્તિ ના ઉદ્‌ભવે કદી. ૨૩
યદિ કાળાન્તરે થાય મહા પ્રલય વિશ્વનો,
વિશ્વ વ્યાપાર આ થાય લીન અભેદ રૂપમાં ૨૪
આ વ્યવહાર કોઇએ શકિત વીણ ટકે નહિ,
ત્રિપુટીમય વિજ્ઞાન કે સૃષ્ટિ હોય શા થકી? ૨૫
સ્વરૂપે આશ્રયે વ્યક્ત વ્યાપાર સૃષ્ટિસર્જને,
નામ બે શકિતનાં જાણો પ્રગટે જે પરાત્પરા. ૨૬
આને ચલનને જે કો ખરું લક્ષણ શકિતનું,
'આશ્રય' રૂપ હે વીર બોધે પરમ વસ્તુને. ૨૭



પરમ વસ્તુ તે એક કો કહે શકિત નામથી,
કહે સ્વરૂપ કો જ્ઞાની પુરુષ બ્રહ્મ વળી બીજા. ૨૮
જણાયે સત્ય આ વત્સ લક્ષણે તેમ વસ્તુથી,
તટસ્થતા વડે તેમ સાક્ષાત્કારે ય એ મળે, ૨૯
એથી સ્વરૂપવિજ્ઞાન વ્યાપાર તેમ વસ્તુથી,
તાટસ્થ્યે તેમ એ સાક્ષાત્ બે જાતનું ગણાય છે. ૩૦
આશ્રયને કહે આત્મા જેનું વ્યાપાર લક્ષણ,
તાત, વૃત્તિ વડે મૂળ જાણી, આશ્રયમાં ઠરે. ૩૧
સ્વરૂપલક્ષણે યુક્ત સ્વરૂપે યુક્ત લક્ષણ,
એકમેક ગણે સુજ્ઞો સ્વાનુભવ વડે કરી. ૩૨
વ્યાપાર નામથી આમ વીર, તટસ્થ લક્ષણે
લક્ષ્યસ્વરૂપ હોવાથી નિત્ય વ્યાપાર વસ્તુ એ. ૩૩
તત્ત્વે જોતાં નથી ભેદ, વ્યાપાર વસ્તુમાં કશો,
આ સહુ ભેદ વિજ્ઞાન કાલ્પનિક જ છે ખરે, ૩૪
શકિત ઉલ્લાસને નામે સૃષ્ટિ આ દશકલ્પના,
વટાવ્યે કલ્પના આ સૌ શેષ સ્વરૂપ તો રહે ૩૫

## તેરમો અધ્યાય

### સંન્યાસમાં સ્ત્રીપુરુષનો સમાન અધિકાર

અત્રિકુળની જ્યોત્સ્ના, વશિષ્ઠકુળની વધૂ,
શ્રી મહાદેવની માતા બ્રહ્મજ્ઞ ધીર પુત્રની,
આદર્શ ગૃહલક્ષ્મી જે, લોકસેવા વ્રતે દૃઢ,
મહાવિદ્યા થકી પૂર્ણ ગાતા બ્રહ્માદિ દેવ જે ૧-૨
વિંધ્યના દક્ષિણ પ્રાન્તે તારિણીશક્તિની ગુરુ,
પત્ની યશસ્વિની નારી વિશાલાક્ષી તપઃસખી ૩
વિશ્વહિત મુનિત્રય રમણ પ્રભુને હુંથી
નિર્મળ નમણી નારી પૂછાવે પ્રશ્ન આમ બેઃ ૪
'આત્મસંસ્થિત નારીને બંધનકર થતાં ઘર,
ત્યજી સંન્યાસિની થાય એ શું શાસ્ત્રસંમત ?' ૫
જીવન્મુક્ત સુનારીનો દેહ પડયા પછી પ્રભુ,
સમાધિ દાહ એ બેમાં કયો વિધિસુયોગ્ય છે?' ૬
આ બે પ્રશ્નો સુણી ભાખે નિજ નિર્ણય તત્ક્ષણ.

શ્રીભગવાન :
સર્વ શાસ્ત્રાર્થ તત્ત્વજ્ઞ ભગવાન્ રમણ પ્રભુ ૭



સ્વરૂપરત નારી જે પક્વ આત્માનુભૂતિથી,
ન પામે દોષ સંન્યાસે ન નિષેધ નિવૃત્તિમાં ૮
પૂરુષના બોધ કે મુક્તિ નારીથી ન વિશેષ કૈં,
જીવન્મુક્તા ય ના બાળો કાં કે દેહ સુરાલય ! ૯
મુક્તનાં દહને દોષો શાસ્ત્રો જે કૈં ગણાવતાં
મુક્તાનાં દહને તે સૌ શાને લાગે નહીં કહો ? ૧૦
તારીખ એકવીસે જ મુક્તાના અધિકાર આ,
મહર્ષિ રમણાચાર્યે જણાવ્યા સ્પષ્ટ આ વિધે. ૧૧

---

## ચૌદમો અધ્યાય

### જીવન્મુક્તિ વિચાર

વક્તા વિદ્વાન્ મહાજ્ઞાની વિદર્ભ શિવવંશજ,
ભારદ્વાજે મુનિશ્રીને રાત્રે સૌ મંડળી મહીં. ૧
જીવન્મુક્તિ વિષે પ્રશ્ન પૂછ્યો ખૂબ વિવેકથી,
મહર્ષિ સહુની વચ્ચે વધા પરમ શાન્તિથી. ૨

શ્રીભગવાન :
સ્વરૂપે સુદૃઢા નિષ્ઠા જીવન્મુતિ દશા કહી,
શાસ્ત્રાભ્યાસે ચળે એ ના તેમ જ લોકસંગથી ૩

પ્રજ્ઞાને ભેદ ના એથી ના કોઈ ભેદ મુક્તિમાં,
જીવતાં બંધ છૂટ્યાથી જીવન્મુક્ત ગણાય છે. ૪
બ્રહ્મલોકે જતાં મુક્ત, શાસ્ત્રો વર્ણવતાં જયમ,
જીવન્મુક્ત અને તેમાં અનુભવે ન ભેદ કો. ૫
પ્રાણો જે કો મહાત્માના થંભે અહીં જ આત્મમાં,
સુજ્ઞ! અનુભવો એના એ બે જેવાં જ હોય છે. ૬
સામ્ય સ્વરૂપ નિષ્ઠામાં તેમ જ બંધમુક્તિમાં;
એક જ જાતની મુક્તિ, બીજાને મન ભેદ છો. ૭
આત્મસ્થિત મહાત્મા તો મુક્ત છે જીવતાં છતાં,
થંભે આત્માવિષે એના પ્રાણો વીર! અહીં ખરે. ૮
સમયે પાકતાં જ્યારે જીવન્મુક્ત તણાં તપઃ
સિદ્ધિ પામે કદી એવી સ્પર્શ ના દેખતાં છતાં! ૯
વિશેષ પાકતાં જ્યારે દેખાયે પણ ના વળી,
વિહરે છે નિજાનંદે બની ચિન્મય સિદ્ધ એ. ૧૦
ઈશકૃપા મળી જતાં જીવન્મુક્ત થયેલને,
સ્પર્શ દર્શનનો લોપ સાંપડે સ્વલ્પ કાળમાં. ૧૧
જ્ઞાનસંપત્તિમાં ભેદ કે ના આ કારણે પડે;
મુક્તદેહી વિદેહી ય કાં કે આત્મસ્થ બે ય છે. ૧૨



નાડી દ્વારા જઈ ઊર્ધ્વ અર્ચિરાદિ પથે પળે,
ત્યાં પામી જ્ઞાન તે વીર સદ્ય જ મુક્તિ મેળવે. ૧૩
યોગી પક્વ ઉપાસી ય, નિશ્ચે ઈશકૃપા થકી,
ઉત્તમ ગતિને પામે નાડી દ્વારા સુધીર એ! ૧૪
વિચરે સહુ કો લોકે યથેચ્છ એ મહામુનિ,
ઈચ્છાનુસાર ધારે ય ઘણા દેહો કૃપા કરી. ૧૫
પામે જે લોકને મુક્તો એને કૈલાસ તો કહે,
કોઇ વૈકુંઠ તો કોઈ સૂર્યમંડળ વર્ણવે. ૧૬
પૃથ્વીની જેમ હે વિજ્ઞ, આ બધા મુક્ત લોક તો,
માનો સ્વરૂપમાં કલ્પ્યાં ચિત્ર વૈભવશકિતથી. ૧૭

---

## પંદરમો અધ્યાય

### શ્રવણ, મનન, નિદિધ્યાસનનું સ્વરૂપ

નાથ! શ્રવણ તો શું છે? તેમ મનન શું વળી?
નિદિધ્યાસન શું તેમ સમજાવો મુનીશ્વર! ૧
સુણીને પ્રશ્ન આ મારો બ્રહ્મજ્ઞાની મહામુનિ,
શિષ્યવૃંદ વિષે બોલ્યા, બાવીસમી સવારમાં. ૨

શ્રીભગવાન :
ઉપનિષદ વાકયોનું વ્યાખ્યાન ગુરુના મુખે,
સુણવાને કહે કોઇ 'શ્રવણ' નામથી, પ્રિય! ૩

'સુણવું તત્ત્વનું જ્ઞાન, બ્રહ્મજ્ઞ ગુરુના મુખે,
સાચું શ્રવણ તો એ જ' કહે છે એમ અન્ય કો. ૪

સુણી વેદાન્તનાં વાકયો કે વાણી ગુરુની નિજ,
જન્માન્તર તણાં પુણ્યે અભય થાય જ્ઞાનથી. ૫

દેહ થી ભિન્ન જે આત્મા, અહંનું આદ્ય મૂળ છે,
સ્વચિત્તે સુણવો ખંતે ખરૂં શ્રવણ એ જ છે. ૬

શાસ્ત્રવિચારને કોઈ ગણે મનન નામથી,
સ્વરૂપવિચારણા એ જ, મનન વાસ્તવે ખરૂં. ૭

સંશય ને વિપર્યાસ, સહિત બ્રહ્મને પ્રિય,
નિદિધ્યાસન નામે કો ઓળખે આત્મજ્ઞાનને. ૮

શાસ્ત્રીય ઐકય વિજ્ઞાન અ વિપર્યાસ-સંશય,
ભલે ને ઉપજે તો યે અનુભૂતિ ન સાંપડે. ૯

સંશય ને વિપર્યાસ બે માત્ર અનુભૂતિથી.
ટળે વાશિષ્ઠ સુનિશ્ચે, કોટી શાસ્ત્રો થકી નહીં. ૧૦

અસ્પષ્ટતા, વૃથા તર્ક શાસ્ત્રે શ્રદ્ધાળુને ટળે,
શ્રદ્ધા તો ડગતાં પાછાં સંશયો ઉપજે વળી. ૧૧



પણ નિર્મૂળ તો છેક આત્માનુભૂતિથી બને,
સ્વરૂપે સંસ્થિતિને જ નિદિધ્યાસન તો કહે. ૧૨

બાહ્ય વૃત્તિ મહીં વાળી સ્વરૂપે સ્થિત થાય ના,
ત્યાં લગી સેંકડો શાસ્ત્રે પ્રત્યક્ષ જ્ઞાન થાય ના ૧૭

સ્વરૂપસ્થિતિ જે થાય. સહેજે, કુંડિનર્ષભ!
એ જ મુક્તિ, પરાનિષ્ઠા, સાક્ષાત્કાર જ એ વળી. ૧૪

---

## સોળમો અધ્યાય

### ભક્તિવિચાર

પૂછતાં ભક્તિ સંબંધે ભગવાન મહર્ષિને,
મહામુનિ મહાભાગ રમણચાર્ય ઉચ્ચરે. ૧

સહુને પ્રિય છે આત્મા, એથી કૈં પ્રિય ના કશું,
અખંડ તૈલધારા શી પ્રીતને ભક્તિ તો ગણી. ૨

આત્મા ઇશ્વરમાં ભેદ જૂએ કદાપિ ના કવિ;
ભિન્ન માને છતાં ભક્ત આત્મામાં સ્થિર તો ય એ ૩

તૈલધારા સમી પ્રીતિ વહેતી ઇશની પ્રતિ;
નિશ્ચે સ્વરૂપમાં બુદ્ધિ પરાણે પ્રભુ દોરતો. ૪

સ્વલ્પજ્ઞ કે પરિચ્છિન્ન પોતાને જીવ માનતો.
કલેશથી છૂટવા સારુ ભક્ત વિષયિ રૂપમાં. ૫

દેવબુદ્ધિ ધરી વ્યાપ્ત પરમ વસ્તુને ભજે.
ભજતાં દેવબુદ્ધિથી અંતે લીન બને ખમાં ૬
દેવોનાં નામરૂપોને કલ્પતાં કો, નરર્ષભ!
નામરૂપપ્રભાવે એ જિતે છે નામરૂપને. ૭
ભક્તિ પૂર્ણ થયે થાય, શ્રવણ એકદા બસ,
સાધે ભક્તિ ખરે ત્યારે જ્ઞાનની પરિપૂર્ણતા. ૮
ત્રુટી ધારા સમી ભક્તિ છિન્ન ભિન્ન ગણાય છે,
તો ય નિઃશંક સાધે તે પરાભક્તિ ક્રમે ક્રમે, ૯
સકામ ભક્તિ સંતુષ્ટ થાય ના કામના ફળે,
શાશ્વત સુખને સારુ ભજે છે ઈશને ફરી. ૧૦
કામના ફળે ય ના થંભે સકામ ભક્તિ આદરી,
વધી જે ઈશમાં શ્રદ્ધા દઢ વેગે વધે ફરી. ૧૧
વેગે આ વધતી ભક્તિ પૂર્ણ કાળક્રમે બને,
જ્ઞાન જેમ પરા ભક્તિ તરાવે ભવસાગર ૧૨

---

## સત્તરમો અધ્યાય

### જ્ઞાનપ્રાપ્તિવિચાર

પચીસ તારિખે રાત્રે વૈદર્ભ મહાપંડિતે;
સવિનય નમી પૂછ્યો પ્રશ્ન મહર્ષિને પુનઃ. ૧



વૈદર્ભ:
થોડું થોડું ક્રમે વાધે જ્ઞાન કેમ દિને દિને?
કે ખીલે સહસા શું એ સૂર્ય શું સમુજ્જવળ? ૨
શ્રી ભગવાન :
ક્રમે ક્રમે ન વાધે એ થોડું થોડું દિને દિને,
અભ્યાસ પકવ થતાં તો ખીલે એ એક સામટું. ૩
વૈદર્ભ :
વૃત્તિ અભ્યાસકાળે તો આવે ને જાય છે, પ્રભો!
બહાર અંદરે ફેલે શું જ્ઞાન કહેવાય એ? ૪
શ્રીભગવાન :
જાય આવ્યા કરે બુદ્ધિ એને અભ્યાસ તો કહે,
ગણવું જ્ઞાન એને જ જે અનુભવ નિશ્ચલ. ૫
વૈદર્ભ :
જ્ઞાનની ભૂમિકા કૈં કૈં શાસ્ત્રે વિદ્વાન વર્ણવે,
એનો ભેદ મુનિશ્રેષ્ઠ શી રીતે થાય તે કહો. ૬
શ્રીભગવાન :
ભૂમિકાઓ કથી શાસ્ત્રે તે તો છે પરકલ્પના,
મુક્તિના ભેદની જેમ સમજો સુજ્ઞ, કલ્પના. ૭
ઇંદ્રિય દેહની ચર્યા પેખી પ્રારબ્ધ પ્રેરિત,
કલ્પે છે ભૂમિકા કોઈ વાસ્તવે તેમ છે નહીં. ૮

વૈદર્ભ :
સર્વ અજ્ઞાન ભેદીને, પ્રગટે જ્ઞાન એકદા,
નાશ પામે ફરી શું એ, અજ્ઞાનસંગ લાગતાં? ૯
શ્રીભગવાન :
અજ્ઞાનનું પ્રતિદ્વંદ્વી એકદા હાથ લાગતાં,
ન પરાભવ પામે એ, ભારદ્વાજકુળપ્રભ! ૧૦

---

## અઢારમો અધ્યાય

### સિદ્ધ મહિમાનું કીર્તન

શુભ પરાશર ગોત્ર મહીં સ્વયં,
વસુમતી સુરસંઘ ઉજાળતા
વિમળ સુંદર પંડિત પુત્રને,
કમળ પત્ર વિશાળ સુનેત્રને! ૧

અરુણાચળ આશ્રમભૂષણ,
પરમહંસ પવિત્ર ઉદારથી;
વ્યવહરે જનસંગ્રહ કારણે,
સતત અક્ષર આત્મવિલીનને! ૨



સકળ સંશય શબ્દ વડે હરે,
નયન અંકુશ મસ્ત ગજેન્દ્રને,
સતત ઉદ્યમશીલ પરાર્થમાં,
સ્વતનુની નવ જે પરવા કરે! ૩

સુમધુ આમ્રફળો સમ કાન્તિ છે,
ચલિત ઇન્દ્રિય અંકુશમાં ધરે;
અમૃત ચિદ્ઘનવલ્લી પરિગ્રહે.
શ્રુતિરસી મતિમોહક ઉચ્ચ વાણી છે! ૪

ચળકતી વિમળી કિરણપ્રભા,
રવિકરે ઉઘડે જયમ પંકજો
સ્વશરણાગતની જડતા હરે,
ગુણ અનંત અનંત સરોવર. ૫

વચનથી મૃદુ, શીતળ દૃષ્ટિથી,
કમળ શા વદને વિકસેલ છે:
મન થકી દિન ચંદ્ર સમા ફિકા,
હૃદયમાં રવિ શા સુસમુજવળા! ૬

કઠણ જે નિજ જાત અને વ્રતે,
અડગ ચિત્ત ધરે વિષયો વિષે;
ઋષિ મનોરથહીણ અશેષ જે,
નિજ મનોર્મિ થકી ત્યમ મસ્ત છે! ૭

રહિત મોહ, અલોભ અભાવ જે,
શમિતમત્સર, નિત્ય સમુત્સવ.
ભવમહોદધિ તારણ કાર્યમાં,
પ્રતિફળે ન ધરે કદિ લાલસા! ૮

'મારી જ મા' વચનથી ગણનાથ પોતે,
ઉમા ઉછંગપટમાં જવ દોડી બેઠા!
'બેસીશ હું મમ પિતા શિવજી ઉછંગે,'
સેનાની લાડ બહુ એ શિવથી જ પામ્યા.૯

એ ૐ नमो वचद्‌भुवे ગુરુમંત્રદાતા.
એનું રહસ્ય અતિગૂઢ પિછાણનારા;
આચાર્યશ્રી રમણદેવ મહાનુભાવ
વંદું તને પરમ પાવન વીતરાગ! ૧૦



છો દંડપાણિ પણ દંડ ધરો ન આપ,
દુઃખાબ્ધિતારક છતાં પણ તારકારિ!
છોડયો તમે ભવ છતાં ભવને ભજો છો,
છો હંસ તોય નવ માનસ સંગરાગ. ૧૧

મેરુ ન ધૈર્ય વિષયે તવ તુલ્ય આવે.
ગંભીર છો અધિક સાગરથી ય આપ;
ક્ષાન્તિ વિષે અધિક છો ધરણી થકી જ,
છો દાન્ત શાન્ત મહિમા ન કહી શકાય! ૧૨

આહ્‌લાદ દો કુમુદિનીપતિથી અધિકો,
તેજે મહા કમળબાંધવ સૂર્ય જેવા;
દક્ષિણામૂર્તિ સમ ભોગવતા પ્રશાન્ત
જેના યશોવિજય રોજ ગવાય ભાવે! ૧૩

જેની હજી ય રમણી રમણીય રૂપે,
શોભે શિરે સતત દેવ તણી સુસેના;
કામે ન લેશ પજવાય કદાપિ એ તો,
એના ગૃહસ્થ યતિ મધ્ય ઘણા જ શોભે! ૧૪

આપો જ ભક્તજનને વરદાન ઈષ્ટ,
મત્રેશના સુગુરુ આપ અનંત શક્તિ,
જે આશરે ચરણ તે સહુના હરો છો,
ત્રિતાપ કલ્પતરુ શા પળમાં પ્રતાપી ! ૧૫

જે તંત્રવાર્તિક લખે બહુ યુક્તિ યુક્ત
વેદોપદેશ કરતી રચના સુશ્રેષ્ઠઃ
વિદ્વાનમાન્ય જ કુમારિલ ભટ્ટ બીજા,
વેદાન્ત પુષ્ટિ કરવા ફરીને પધાર્યા ! ૧૬

સાર વેદોપનિષદો તણા,
પંચ રત્ન અરુણાચલે દઈ,
અર્થગૂઢ અને સર્વતોમુખી,
કાવ્યશ્રેષ્ઠ રચનાર હે ગુરો ! ૧૭

દેવવાણી નવ જાણતા બહુ,
કાવ્યશાસ્ત્ર મહીં ચંચુપાત ના,
ગ્રંથલેખન છતાં ય ઉચ્ચ છે,
ભાવના અનુસરે સ્વતઃ ગુરો ! ૧૮



લોકમાત પયપાન પામીને,
શંકરસ્તવ કાવ્ય જે રચે;
જ્ઞાનસંબંધમુખે ગિરા ઝરે,
તે જ સંત અવતાર આપ છો ! ૧૯

કાર્તિકેય અવતાર છો ત્રીજા,
દાખવો સ્થિતિ જ આત્મનિષ્ઠની;
યુક્તિવાદ વિષને શમાવવા
ઉદ્ધરો પ્રભુ મુમુક્ષુ જીવને ! ૨૦

જે અગસ્ત્ય સમ મૌનિની પ્રિય
તામિલે કવન મીઠડું કરે;
બુદ્ધિમાન ગુરુ, વીણ પંડિત,
દૃષ્ટિ દીર્ઘ ધરતાં પરં પદે. ૨૧

બાળ, ગોપ, જડ, મર્કટો તથા
શ્વાન, ભક્ત, ખળ, પંડિતો વળી,
આપને શરણ આવનાર સૌ
દેખતા સતત એકદૃષ્ટિથી. ૨૨

શક્તિમંત પણ શાન્તિપૂર્ણ છો,
ભક્તિપૂર્ણ પણ ભેદમુક્ત છો;
વીતરાગ પણ લોકવત્સલ,
દેવરૂપ પણ નમ્ર આપ છો! ૨૩
'શોધમાં મમ પિતાતણી જઉં,
શોધ લેશ મુજ ના કરો તમે'
સૂચના ત્યમ લખી ગયા હતા,
શોણશૈલ શરણે જતાં જતાં. ૨૪
આમ જે ગુણ વડે સુખ દે છે,
શ્રીમહર્ષિપદ પંકજ પૂજી,
સિદ્ધ ગૌરવ વિષે ગુરુજને,
પૂછતાં અમૃતનાથ યતીન્દ્ર. ૨૫
શૈલવાસિ ભગવન્ત કહે કે,
"સિદ્ધ આત્મ મહિમા ન કળાય;
છે જ એ શિવ સમા શિવ રૂપજ,
દે શકે જ વર અદ્દભુત એ તો." ૨૬

**શ્રી રમણગીતા સમાપ્ત**

## એકશ્લોકી ગીતા: મોક્ષગીતા

निर्मानमोहा जितसंगदोषाः
अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वंद्वै विमुक्ताः सुखदुःखसज्ञै
गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ।।१५-५।।

નિર્માન નિર્મોહ અને અસંગ,
અધ્યાત્મનિષ્ઠા ત્યમ કામમુક્ત;
દ્વંદ્વો ત્યજીને સુખદુઃખ રૂપી,
મોહે છુટી અક્ષરધામ પામે.

જે માન અને મોહથી મુકત થયો છે, જેણે આસકિત રૂપી સંગના દોષો ખંખેરી નાખ્યા છે, જે આત્મામાં જ નિત્યનિમગ્ન અને સદાય સંલગ્ન રહે છે; જેની વિષયવાસનાઓ શમી ગઈ છે, જેનાં સુખદુઃખ રૂપી દ્વંદ્વો છૂટી ગયાં છે અને જેણે રાગદ્વેષ ઉપર જય મેળવી સમતા-સમા-ધિ (સમાધિ) સાધી છે એવા મોહશોકથી મુકત થયેલા સાધક-જ્ઞાનીજ પરંપદ-અક્ષરધામને પામે છે.

રમણવૃત્તિ–રમણિકા : 'આપણે ખરે-ખર શુદ્ધ સનાતન આત્મા છીએ' એ સત્યનું નિરંતર સ્મરણ આપણા મનને ઊર્ધ્વગતિ આપી જીવન પ્રત્યેની આપણી દૃષ્ટિને ઉદાત્ત બનાવે છે. આવા ચિંતન અને સતત આત્મ-ભાન વડે, અજ્ઞાનમાંથી પેદા થતી આપણી મિથ્યા આસક્તિઓ દૂર થાય છે; તથા સમગ્ર જીવનને સમજનારી તેમ જ એનાથી યે પાર જનારી એક નવીન દૃષ્ટિ આપણને પ્રાપ્ત થાય છે. જેઓએ અવ્યક્ત અને અવિનાશી આત્માનો સાક્ષાત્કાર કર્યો છે; તેઓનો પુનર્જન્મ થતો નથી. કારણ કે કામના, આસક્તિ અને સર્વ ભ્રાન્તિના મૂળરૂપ મનના પ્રત્યેક દોષનો ત્યાગ કરીને જ તેઓએ પરમગતિ મેળવેલી હોય છે.

---



## ભાવના

ॐ तेजोऽसि तेजो मयि धेहि ।
ॐ वीर्यमसि वीर्यं मयि धेहि ॥१॥
ॐ बलमसि बलं मयि धेहि ।
ॐ ओजोऽसि ओजो मयि धेहि ॥२॥
ॐ मन्युरसि मन्युं मयि धेहि ।
ॐ सहोऽसि सहोमयि धेहि ॥३॥

यजु. शु. १९,९

છો તેજ તો તેજ વડે નવાજ;
છો વીર્ય તો વીર્ય વડે નવાજ. ૧
છો શક્તિ તો શક્તિ વડે નવાજ;
છો ઓજ તો ઓજ વડે નવાજ. ૨
ઉત્સાહ ઉત્સાહ વડે નવાજ;
છો ધૈર્ય તો ધૈર્ય વડે નવાજ. ૩

છો સત્ય તો સત્ય વડે નવાજ.
સૌન્દર્ય સૌંન્દર્ય વડે નવાજ. ૪
માંગલ્ય માંગલ્ય વડે નવાજ;
સર્વસ્વ! સર્વસ્વ વડે નવાજ. ૫

स्वारस्यम्

નવાજ—બક્ષીને-આપીને કૃતાર્થ-ન્યાલ કરી દે.

મન્યુ—પુણ્યપ્રકોપ (રાયચ્યસ ઈન્ડિગ્નેશન), ઉત્સાહ-ખંડનની હીમત અને મંડનની હિકમત (કરેજ ટુ ડિસ્ટ્રૉય ઍન્ડ જિન્યસ ટુ રિબિલ્ડ), આજે કમભાગ્યે સારા માણસોમાં સામનાની શકિત કે ઉત્સાહ જ નથી, એથી જ અનિષ્ટ ને નિર્બળતા ફૂલેફાલે છે! (ઈટ ઈઝ ધિ મિસ્ફૉરચ્યુન ઑફ ધિ ગુડ ધૅટ ધે આર વીક-વિકટર હ્યુગો) પૂ. ગાંધીજીમાં બલિષ્ઠ ભલાઈ હતી તો આવા અદ્દભુત સિદ્ધાર્થ બની શક્યા આપણી જ નજર સામે! આવા પ્રભુ

પાસે આવી શકિતઓ માગીએ અને મેળવીએ તો જ કાંઈક લીલું કરી શકીએ.

શ્રી અરવિંદે પણ લખ્યું [illegible] ધેય [illegible] મનિ ફ્રૅામ અનડ[illegible] ટ્રસ્ટી ઍન્ડ યુઝ ઈટ એઝ ટ્રસ્ટ—નાપાક હાથમાંથી લક્ષ્મીને છીનવી લઈ, [illegible] (માલિક નહિ પણ વ્યવસ્થાપક) [illegible]

ભગવાન પાસે ચીજ વસ્તુના મોટી મટોડાના ક્ષુદ્ર ટૂકડા માગવાના ન હોય એની પાસે તો ભગવાનની વિભૂતિઓ-ગુણો-શકિતઓ જ માગવાની હોય. એ માગનાર વ્યકિત સમાજ અને રાષ્ટ્રોનો જ શુક્રવાર વાળે છે. બીજા તો કંગાળિયતમાં જ કચડાયાં કરે છે. ટાગોરે એ જ પ્રાર્થના કરી છે તે કે 'હે ભગવાન! મારા દુ:ખ હરી લો, એમ હું નથી માગતો, હું તો માગું છું કે મારાં એ દુ:ખોના સામનો કરવાની મને શકિત આપો વગેરે.'

UNIVERSITY LIBRARY
UNIVERSITY OF BARODA

अहो भाग्यं पुरागीतां योऽवदाच्छ्रीपतिः स्वयम् ।
अद्य श्रीरमणो भूत्वा गीतासारं ददौ स नः ॥
પૂર્વે ગીતા અહોભાગ્ય પ્રબોધી કેશવે સ્વયમ્;
આજે રમણરૂપે એ ગીતાસાર દિયે ફરી.

# અધ્યાત્મ-ગીતા

સંકલનમાં ભગવાન રમણે ગીતાના ૪૨ શ્લોકોનો કરેલો સુપ્રસિદ્ધ સંગ્રહ છે. એમાં ખાસ કરીને ભગવાને લખેલી એ શ્લોકો પરની વૃત્તિ—જેને મેં અહીં **રમણિકા** કહી છે એથી એનું મૂલ્ય ખાસ વધી જાય છે. એમાં વળી **સ્વામી રમણાનંદજીનું** ગીતાનું સબળ અને સફળ સમશ્લોકી અનુગાન જે '**ગીતા માધુરી** નામે પ્રકટેલ છે તેમાંથી પદ્યાનુવાદ અને રાષ્ટ્ર-પિતા પ. પૂ. ગાંધીજીના **અનાસક્તિ યોગમાંથી** ગદ્યાનુવાદ સાભાર લીધા છે. એથી તો સોનામાં સુગંધ ભળ્યા જેવો સુયોગ સધાયો જણાશે.—સંપાદિકા



સંજય બોલ્યા:

तं तथा कृपयाविष्टमश्रुपूर्णा कुलेक्षणम् ।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥
કૃપાક્લિષ્ટ પછી એવા અશ્રુવ્યાકુળ નેત્રના
વિષાદી પાર્થને આમ સંબોધ્યા મધુસૂદને.

મધુસૂદન ભગવાન શ્રીકૃષ્ણે કરુણાના વેગથી ખિન્ન થયેલા અને આંસુથી તરબોળ વ્યાકુળ અર્જુનને આ વેણ કહ્યાં.

રમણવાર્તિકાઃ-મનુષ્યો યુગો થયાં જે સનાતન સત્યની ખોજ કરી રહ્યા છે, તે શું છે? આપણા આ નાશવંત છતાં દુઃખપૂર્ણ દેખાતા જીવનમાં તેની પ્રાપ્તિ શી રીતે થાય? અહીં પ્રથમ શ્લોકમાં રજૂ થતા આ પ્રશ્નના જવા-બમાં શ્રીકૃષ્ણ ભગવાને 'તારૂં સ્વરૂપ ઓળખ' એવો સનાતન જ્ઞાન સંદેશ સુણાવ્યો છે. સાધકને આત્મવિદ્યાની પ્રાપ્તિના પ્રત્યક્ષ સાધન

તરીકે 'હું કોણ ?' ની વિચારણા કરવાનું અહીં શીખવવામાં આવ્યું છે. આ સંકલનમાં મુખ્યત્વે કરીને જ્ઞાન અને ભક્તિમાર્ગ પર ભાર મૂક્યો છે અને નિષ્કામ કર્મનો માર્ગ તો એ બંનેમાં ગર્ભિત છે જ. આમ આ ૪૨ શ્લોકોમાં ભગવદ્ ગીતાનો સારાંશ આવી જાય છે અને તે સચ્ચિદાનંદ આત્માની પ્રાપ્તિનું પ્રત્યક્ષ સાધન બતાવે છે. આ આત્મપ્રાપ્તિ જ યુગો થયાં મનુષ્યની ખોજનું એક અને અંતિમ ધ્યેય બની રહ્યું છે. ૧ (૨-૧)

શ્રીભગવાનઃ

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥

કૌન્તેય ક્ષેત્રને નામે દેહ આ ઓળખાય છે,
જાણે જે ક્ષેત્રને નિશ્ચે ક્ષેત્રજ્ઞ પંડિતો કહે.

હે કૌન્તેય! ડાહ્યા માણસો આ શરીરને ક્ષેત્ર—ખેડવા યોગ્ય ખેતરને નામે ઓળખે છે અને



તે ક્ષેત્રને જે જાણે છે તેને તત્ત્વજ્ઞાની ક્ષેત્રજ્ઞ ખેતરનો જાણનાર કહે છે. ૨ (૧૩-૧)

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्व क्षेत्रेषु भारत ।
क्षेत्र-क्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥

એ ક્ષેત્રજ્ઞ મને જાણ સૌ ક્ષેત્રો મધ્ય ભારત!
ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું જ્ઞાન એને જ જ્ઞાન માનું હું.

હે ભારત! બધાં ક્ષેત્રો અર્થાત્ શરીરોની અંદર રહેલ એવો જે ક્ષેત્રજ્ઞ છે, તે જ ખરું જ્ઞાન છે એમ મારો અભિપ્રાય છે. ૩ (૧૩-૨)

अहमात्मा गुडाकेश सर्व भूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥

હું જ આત્મા ગુડાકેશ! ભૂત માત્ર વિષે વસું;
આદિ, મધ્ય અને અંત હું જ છું ભૂત માત્રનો.

રમણિકાઃ આધ્યાત્મિક સત્ય માટેની ખોજ માટે જંગલમાં અને ગુફામાં વસી એકાંતિક જીવન ગુજારવાની જરા યે જરૂર નથી. પોતાની

ત્યાગ ભાવનાને કારણે, સાધક કોઈ વાર આવું એકાંત જીવન સ્વીકારે છે. છતાં પણ તે જાણે છે કે પોતાની ખોજનું ધ્યેય પોતાની અંદર જ છે અને તેની પ્રાપ્તિનો આધાર આસ-પાસના વાતાવરણ પર સુદ્દલ નથી. બહારની બધી વસ્તુઓ, સ્થૂળ દેહ અને તેના આસપા-સના વાતાવરણમાંથી મનને ઉઠાવી લઈ ને તેણે વિચારના મૂળરૂપી આત્મા અથવા શુદ્ધ સદ્ વસ્તુના 'હું' ની શોધ કરવાની છે. આ અમર આત્માને નિશ્ચયપૂર્વક 'બધાં ક્ષેત્રો શરીરોને વિષે રહેલ ક્ષેત્રજ્ઞ તરીકે જાણવો એ જ સત્યની પ્રાપ્તિ છે. ૪ (૧૦–૧૨)

जातस्य हि ध्रुवो मृत्यु र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

જન્મ્યું એ મરતું નિશ્ચે મરેએ જન્મતું વળી;
એથી ઉપાય ના જેનો એનો શોક ઘટે નહિ.



જે કાંઈ જન્મ્યું છે. તેનું મૃત્યુ અર્થાત્ નાશ થવાનો છે, તે નિશ્ચે જાણ, તેમજ જેનું મરણ થયું છે તેનો જન્મ પણ નિશ્ચય છે; માટે જન્મ મરણની બાબત આપણા હાથમાં નથી. તે આપણાથી ટાળી ટળાય તેમ નથી, એટલે તે વિષે તારે શોક કરવો ઘટતો નથી. ૫(૨–૨૭)

न जायते म्रियते वा कदाचि
न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥

ન જન્મ પામે ન મરે કદાપી,
ન્હોતો ન તે, તેમ થશે ફરી ના;
અજન્મ, એ નિત્ય, પુરાણ શાશ્વત,
શરીર હણ્યે ય ન એ હણાય.

તે આત્મા કદી જન્મતો નથી અથવા તો મરતો પણ નથી. તે આ આત્મા અત્યાર સુધી

હતો અને હવે પછી ફરીથી થવાનો નથી એવી બાબત પણ તેને વિષે નથી. કારણ કે તે આ આત્મા અજન્મા છે, નિત્ય છે, શાશ્વત (નિરંતર રહેનારો) અને પુરાતન છે. શરીરનો નાશ થવાથી, તેનો નાશ થતો નથી. ૬ (૨-૨૦)

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

છેદાયે ના, બળે એ ના, ભીંજે સૂકાય એ નહિ;
સર્વવ્યાપક, ને નિત્ય સ્થિર નિશ્ચળ શાશ્વત.

તે આત્મા છેદી શકતો નથી, બાળી શકાતો નથી. તે આત્મા નિત્ય, સર્વગત સ્થિર અચળ ને સનાતન છે. ૭ (૨-૨૪)

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम्।
विनाशमव्ययस्यास्य न कश्चित् कर्तुमर्हति ॥

અનાશી જાણ તું એને જેથી આ સહુ વિસ્તરે;
એ અવ્યયતણો નાશ, ના કદી કો કરી શકે.



જેણે આ અખિલ જગતનો વિસ્તાર કર્યો છે, તે આત્માને તું અવિનાશી જાણ, તે ખરચ કરે ખૂટે એમ નથી એટલે તેનો કોઈ નાશ કરી શકે તેમ નથી. ૮ (૨-૧૭)

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥

અસત સંભવે કો ના, સતનો ના અભાવ છે;
એમ એ બેઉનો સાર, તારવ્યો તત્ત્વદર્શિએ.

જે અસત્ છે અર્થાત્ 'નથી' તેની હસ્તી ન હોય અને જે સત્ છે તેનો નાશ ન હોય, આ રીતે તત્ત્વને જોનારા જ્ઞાનીએ બંને બાજુનો સિદ્ધાન્ત તારવ્યો છે. ૯ (૨-૧૬)

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥

આકાશ સર્વવ્યાપી આ સૂક્ષ્મ એથી અલિપ્ત છે;
એમ આત્મા વસે દેહે, તો યે અલિપ્ત એ રહે.

જેમ આકાશ સર્વવ્યાપક છે, છતાં તેનું સ્વરૂપ સૂક્ષ્મ છે એથી એ કશાથી લેપાતું નથી. તેમ આત્મા દેહમાં સર્વત્ર છે છતાં પણ તે સૂક્ષ્મ હોવાથી લેપાતો નથી. ૧૦ (૧૩–૩૨)

न तद् भासयते सूर्यो न शशांको न पावकः ।
यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥

ના એને સૂર્ય ને ચંદ્ર તેમ અગ્નિ પ્રકાશતો;
પ્હોંચી જ્યાં ન વળે પાછાં સારૂં ઉત્તમ ધામ એ.

ત્યાં સૂર્ય, ચંદ્ર કે અગ્નિ પ્રકાશતો નથી કારણ કે તે સર્વ જ્યોતિઓમાં ઉત્તમ જ્યોતિ છે. ત્યાં જનારાને પાછું આવવું પડતું નથી, તે મારૂં પરમ ધામ છે. ૧૧ (૧૫–૬)

રમણિકા: આત્મા અજન્મા, નિત્ય શાશ્વત પુરાતન છે. નાશ થવાથી તેનો નાશ થતો નથી. તેના પર પાંચ તત્ત્વોની અસર થતી નથી, સ્થૂળ દેહમાં તે લેપાતો નથી. તે નિત્ય અને



સર્વગત, અચળ ને સનાતન છે. તે સ્વયંપ્રકાશ છે, માટે તેનાથી જ બીજું જાણી શકાય એમ છે. તે કારણે તો સૂર્યને, ચંદ્રને કે અગ્નિને ત્યાં પ્રકાશવાનું રહેતું નથી. આવો શુદ્ધ સનાતન આત્મા એ જ સાચું સ્વરૂપ છે. આપણે રોગ મરણાધીન સ્થૂળ શરીર નથી કે ગુણાધીન મન પણ નથી. (૫થી ૧૧)

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥

એને અક્ષર અવ્યક્ત વળી કહે પરા ગતિ;
જે પામ્યે ન ફરે પાછાં એ મારૂં ધામ છે પર.

જે અવ્યક્ત, અક્ષર–અવિનાશી છે, એને જ સર્વ જ્ઞાનીઓ ઉત્તમ ગતિ તરીકે ઓળખે છે, તે અક્ષર ધામને પામ્યા પછી. જ્ઞાનીજનોને પુનર્જન્મ લેવા સંસારમાં આવવું પડતું નથી. એમ સ્વરૂપે મારૂં એ જ પરમ ધામ છે. ૧૨ (૮, ૨૧)

રમણિકા : ૫ થી ૧૧ સુધીના સાત શ્લોકોમાં વર્ણવેલા આત્માના સ્વરૂપનું ઉંડું ચિંતન અને આપણે ખરેખર શુદ્ધ સનાતન આત્મા છીએ, એ સત્યનું નિરંતર સ્મરણ આપણા મનને ઊંચી ગતિ આપનાર બને છે; તેમજ જીવન પ્રત્યેની આપણી દૃષ્ટિને ઉદાત્ત બનાવે છે. આવા ચિંતન અને સતત આત્મભાન વડે અજ્ઞાનમાંથી પેદા થતી આપણી મિથ્યા આસક્તિઓ દૂર થાય છે, તથા સમગ્ર જીવનને સમજનારી તેમજ તેનાથી ય પર એક નવીન દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. જેઓએ અવ્યક્ત અવિનાશી આત્માનો સાક્ષાત્કાર કર્યો છે, તેઓનો પુનર્જન્મ નથી, કારણ કે કામના, આસક્તિ અને સર્વ ભ્રાન્તિના મૂળરૂપી મનના પ્રત્યેક દોષનો ત્યાગ કરીને જ તેઓએ પરમગતિ મેળવેલી હોય છે. (૧૨–૧૩)

[૧૩મો શ્લોક ૪૬મા પાને જુઓ.]



यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥

શાસ્ત્રવિધિ ત્યજીને જે વર્તે છેક સ્વચ્છંદથી;
નથી એ પામતો સિદ્ધિ સુખ તેમ પરાગતિ.

જે સંસારીજન શાસ્ત્રની પૂર્ણ આજ્ઞાને સ્વચ્છંદ દૃષ્ટિથી છોડી દઈને કામભાવનાને અનુસરે છે, એને કોઈ સિદ્ધિ સુખ અને ઉત્તમ ગતિ પ્રાપ્ત થતી નથી. ૧૪

રમણિકા: માટે સાચા સાધકે શાસ્ત્રવિધિને નિષ્ઠાપૂર્વક વળગી રહીને સૂક્ષ્મ કામનાના વિકાર બનવું ન જોઈએ. કર્તવ્યની ભાવનાને નહીં પણ કામનાના આવેશથી દોરવાઈને જે સ્વચ્છંદે વર્તે છે અને મનને સંતોષીને, સુખ તથા શાંતિ મેળવવાની આશા રાખે છે, એની ભ્રાન્તિ સત્વર દૂર થવી જોઈએ. આમ કરવા છતાં તે અજ્ઞાની અને દુઃખી જ રહે છે, કારણ કે કામના કદી સંતોષાતી જ

નથી. અને એને જેમ વધુ સંતોષવામાં આવે છે તેમ એની ભૂખ વધતી જ જાય છે; એમ જાણવા છતાંયે પોતાને જકડનારી એ કામનાના પાશમાંથી છૂટી શકવાને તે અસમર્થ હોય છે. જેમજેમ તે કામનાને સંતોષતો જાય છે, તેમ તેમ તેની જરૂરિયાત અને અતૃપ્તિ વધતીજ જાય છે. ભોગની શોધમાં કામનાને વશ થઇને, તે શાસ્ત્રવિધિનું ઉલ્લંઘન કરે છે અને પરિણામે એને નથી મળતી સિદ્ધિ. નથી મળતું સુખ કે નથી મળતી પરમગતિ. પૂર્ણજીવન ગાળનારા આત્મકામ પુરુષને જે પરમસુખ મળે છે, તે તેને માટે નથી. ૧૪ (૧૬-૨૩)

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥

સરખા સર્વ ભૂતોમાં વસેલા વિભુને મને,
વિનાશીમાં અનાશીને જે દેખે એ જ દેખતો.



આ જે સર્વ પ્રાણીઓ જોવામાં આવે છે તે તો નાશવંત છે. તે સર્વ પ્રાણીઓની અંદર અવિનાશી સ્વરૂપે રહેલ પરમાત્માનાં જે વાસ્તવિક સ્વરૂપે દર્શન કરે છે; એ જ માણસને સાચું દર્શન થએલું છે. સર્વ નાશવંત પ્રાણીઓને વિષે અવિનાશી પરમેશ્વર સમભાવે રહેલો જે જાણે છે, એજ સાચું દર્શન પામી પરમ શાંતિ અનુભવે છે. ૧૫ (૧૩, ૨૭)

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥

અનન્ય ભક્તિએ તો યે આ રીતે શક્ય, અર્જુન
મુજને જાણવો, જોવો, પ્રવેશવો, પરંતપ.

હે અર્જુન, હે પરંતપ! મારામાં જો અનેરી ભક્તિ જાગે, તો એજ સાધને કરીને હું મારા વાસ્તવિક સ્વરૂપને જાણવા, જોવા અને પ્રવેશવાની યોગ્યતા મળે છે. ૧૬

રમણિકા: પરમાત્મા અને આત્મા એક જ છે, ને તે ભકતોના હૃદયમાં છે. આત્માની શોધ કરવી અને હૃદયમાં તેની જોડે અનેરા ભાવે સ્થિતિ કરવી એ જ જ્ઞાનને એ જ ભકિત છે. એ દશામાં 'અન્યપણું' જ નથી. આ પ્રકારે લેશ પણ અન્યપણા વિના જ, પરમાત્માનું જ્ઞાન, દર્શન તેમજ તેમનામાં વાસ્તવિક પ્રવેશ શકય બને છે, જો સાધકમાં અડગ શ્રદ્ધા ને ધ્યેયનિષ્ઠા હોય તો જ તે આ પરમ ગતિ પામે છે; કેમકે શ્રદ્ધા ને નિષ્ઠાના આ બે ગુણો વિના કોઈ પણ સાધના અખંડપણે થઈ શકતી નથી. ૧૬ (૧૧, ૫૪)

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत।
श्रद्धामयोऽयं पुरुषः यो यच्छ्रद्धः स एव सः।

સત્વ પ્રમાણે સર્વને શ્રદ્ધા ભારત ઉપજે;
શ્રદ્ધાનો બનતો જીવ જે શ્રદ્ધા એ જ એ બને.



હે ભારત! બધાની શ્રદ્ધા પોતાના સ્વભાવને અનુસરે છે. મનુષ્યને પોતાની અંદર કાંઈને કાંઈક શ્રદ્ધા તો હોય છે. જેવી જેની શ્રદ્ધા હોય તેવો તે થાય છે. ૧૭

રમણિકા : માણસનો સ્વભાવ જ એવો છે કે તેનામાં એક યા બીજી જાતની શ્રદ્ધા હોય જ છે. માણસનું જીવન ગમે તે પ્રકારનું હોય, પરંતુ તેના આચરણના નિયમોને લગતી કોઈ શ્રદ્ધા મુજબ જ તેનું વર્તન હોય છે, તેની આવી શ્રદ્ધા મોટે ભાગે અજાણપણે અને જીવન તથા સમાજ વચ્ચેના આંતરિક વ્યવહારની જુદી જુદી ઘટનાઓને પરિણામે પેદા થએલી હોય છે. દાખલા તરીકે કોઈ સામાન્ય માણસને અજાણપણે અને અપ્રગટ રીતે એવી શ્રદ્ધા થઈ હોય છે કે તેને ધન મળે તો તે સુખી થાય; આવા માણસની એ શ્રદ્ધા જ આખરે તેના જીવન અને આચરણ પર અસર કરે છે,

એથી ઉલટું, જો તેને નીતિના નિયમની શ્રેષ્ઠતા પર અડગ શ્રદ્ધા હોય અને આદર્શોને અર્પિત જીવન જ જીવવા યોગ્ય છે, એવું એ માનતો હોય તો તેનો કાર્યપ્રવાહ સાવ નિરાળોજ બને છે, જે આદર્શોમાં તેને શ્રદ્ધા છે, તેની જીવંત મૂર્તિજ તે બની રહે છે; 'જેવી જેની શ્રદ્ધા, તેવો તે થાય છે' એ સૂત્રનું ટૂંકમાં આ જ મહત્ત્વ છે. ૧૭. (૧૭-૩)

श्रद्धावांल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति॥

પામે છે જ્ઞાન શ્રદ્ધાળુ જે, જિતેન્દ્રિય તત્પર;
મેળવી જ્ઞાન એ પામે, સદ્ય પરમ શાંતિને.

શ્રદ્ધાળુ, ઈશ્વર પરાયણ અને જીતેન્દ્રિય પુરુષ જ્ઞાનને મેળવે છે. જ્ઞાન પામ્યા પછી તરત જ તે પુરુષ પરમ શાંતિ મેળવે છે.

રમણિકા : આવી શ્રદ્ધા એ માણસની



મારે સિદ્ધિ છે. બીજા કોઈ ઉપાયોથી ચંચળ મન ને બંડખોર ઇન્દ્રિયો કાબુમાં આવતી નથી પણ આ આદર્શોનું સાચું પાલન કરવાની આવી પ્રબળ શ્રદ્ધાથી તે સહેલાઈથી કાબુમાં આવે છે. એટલે કે બીજી રીતે કહીએ તો સાધકના આધ્યાત્મિક અભ્યાસને આવી જીવંત શ્રદ્ધા વેગ આપે છે. એનો પુરાવો એ છે કે એવા સાધકે મન તથા ઇન્દ્રિયો પર વિજય મેળવેલો હોય છે. પ્રબળ શ્રદ્ધા અને સાચા પ્રયાસ વડે મન અને ઇન્દ્રિયોને વશ કરવામાં આવે છે, ત્યારે જ સાચા સાધકને જ્ઞાન થાય છે કે, સત્ય સુખ પોતાની અંદર જ છે. અને તે આત્માનો સહજ સ્વભાવ છે. જ્યારે તે આત્માનું આવું પરમ સુખ મેળવે છે ત્યારે તે પરમ શાંતિને પામે છે. ૧૮ (૪-૩૯)

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम्।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते॥

એવા અખંડ યોગીઓ જે મને પ્રેમથી ભજે;
એમને બુદ્ધિનો યોગ આપું જેથી મને મળે.

જે યોગી મારામાં તન્મય બને છે તેમજ મારી ભક્તિ પ્રીતિપૂર્વક કરે છે, એને હું બુદ્ધિ સાથેનો સારો સુમેળ કરી આપું છું કે જેથી તેઓ મને મેળવે છે. ૧૯ (૧૦–૧૦)

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥

આત્મભાવે વસેલો હું તેજસ્વી જ્ઞાનદીપથી;
કરીને કરુણા છેદું એની અજ્ઞાનઅંધતા.

હું તે યોગીજનોના હૃદયમાં રહીને, તેમની પર કૃપા કરવા માટે પ્રકાશમય જ્ઞાન સ્વરૂપ દીવો પ્રગટાવીને તેમના અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરું છું. ૨૦ (૧૦–૧૧)

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥



જ્ઞાને અજ્ઞાન જેઓનું છેદાયે કદી, પાંડવ !
તેઓનું સૂર્ય શું જ્ઞાન પરબ્રહ્મ પ્રકાશતું.

જે અજ્ઞાન આત્મ જ્ઞાને નાશ પામ્યું છે, તેનું સૂર્યના જેવું પ્રકાશ આપનારું જ્ઞાન પરમતત્ત્વનાં દર્શન કરાવે છે. ૨૧ (૫–૧૬)

રમણિકા : સાધક જન માટે બે ગુણો અનિવાર્ય છે તે પરમ નિષ્ઠા અને સહજ પ્રપત્તિ–ભક્તિ છે, પરમ નિષ્ઠા વિના આત્માનુસંધાનને માર્ગે ચઢી શકાતું નથી, એ સાવ ઉઘાડું છે. અને સહજ પ્રપતિ વિના ગમે તેવા ભારે પ્રયાસો કરવા છતાં તેમજ બુદ્ધિબળ અજમાવવા છતાં એવા પુરુષને કદી ય પ્રજ્ઞાન પ્રાપ્ત થતું નથી. પ્રપત્તિ એ પોચા હૃદયવાળાનું નહિ, પણ શ્રદ્ધા અને નિષ્ઠારૂપી અભેદ્ય કવચ ધારણ કરનાર પુરુષનું હથિયાર છે. જે પ્રપત્તિનું સાચું સ્વરૂપ જાણે છે અને

તેના વિના કોઇ સદ્‌ગુણ લભ્ય નથી તથા પ્રપત્તિની ખીણમાં થઈને જ જ્ઞાનને માર્ગે જવાય છે એવું સમજે છે તે આ સદ્‌ગુણોનું આનંદમય સ્વરૂપ પણ ઓળખે છે. તેની શ્રદ્ધાની વિરૂદ્ધ પંડિતો ગમે તે કહે છતાં ય તે કદી ઉશ્કેરાતો નથી. આવા પુરુષે, શંખનાદ થવા પહેલાં જ કુરુક્ષેત્રનું અર્ધું યુદ્ધ જીતી લીધું છે; કારણ કે પ્રપત્તિ એવો સદ્‌ગુણ છે કે જે પ્રભુની કરુણા પૂર્ણ કૃપા સાધકની અંદર ઉતારી શકે છે. પ્રભુકૃપા વિના અહંકારનું ગળી જવું અશક્ય છે અને અહંકાર ગળ્યા વિના આત્મસિદ્ધિ થતી નથી. અજ્ઞાનમાંથી જન્મેલો અહંકાર દૃષ્ટિને ઢાંકી દે છે અને માણસને અંધકાર અને વિનાશ તરફ ખેંચી જાય છે; પરંતુ વિવેકમાંથી જન્મેલી પ્રપત્તિ બુદ્ધિયોગ બક્ષી જ્ઞાન અને મુક્તિ અપાવે છે.



જ્ઞાન એટલે આત્મરૂપી પરમાત્મા અને આત્મ-સિદ્ધિ એટલે જ મુક્તિ. ૧૯ થી ૨૧)

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥

ઇન્દ્રિયોને કહી મોટી, મોટું ઇન્દ્રિયથી મન;
બુદ્ધિ તો મનથી મોટી, મહાન બુદ્ધિથી ય એ.

બહારના વિષયો કરતાં ઇન્દ્રિયો વધારે બળવાન-સૂક્ષ્મ છે. ઈન્દ્રિયો થકી વધારે બળવાન-સૂક્ષ્મ મન છે, એથી વધારે બળવાન-સૂક્ષ્મ બુદ્ધિ છે અને બુદ્ધિથી જે વધારે સૂક્ષ્મ છે, તે આત્મા છે. ૨૨ (૩-૪૨)

રમણિકા : વિવેક બુદ્ધિ દ્વારા આપણે આત્માના સાચા સ્વરૂપના જ્ઞાનના સાધન તરીકે આપણી પાસે ઇંદ્રિયો, મન અને બુદ્ધિ છે. પણ આપણે પોતે એ બધાંથી પર છીએ. ખરેખર ઇંદ્રિયો ભારે બળવાન છે.

નાનકડી આંખ હજારો ગાઉ દૂર ગ્રહોને જોઈ શકે છે. ઈંદ્રિયોની મદદ વડે મન આપણને કળાનું જ્ઞાન આપે છે અને આપણે માટે કળાની સૃષ્ટિ રચે છે. છતાંયે આપણે પોતે તો કળા અને વિજ્ઞાન આપી શકે તે પ્રત્યેક વસ્તુથીયે પર છીએ. જ્ઞાન મેળવવાનાં આપણાં સાધનોએ આપણું જીવન ઉચ્ચ બનાવ્યું છે, પણ આપણે પોતે કોણ છીએ. આમ જાણવું એનો અર્થ ગર્વિષ્ઠ અને અહંકારી થવાનો નથી. પણ મન અને બુદ્ધિથી પર એવા સત્ય સ્વરૂપને પ્રપત્તિ—ભકિત દ્વારા શોધી કાઢવાનો છે. આપણા સાચા આત્મ સ્વરૂપને ઓળખવાને બદલે આપણી નોકરી કરનારાં આ સાધનો જે આપે તેમાં સંતોષ માનવો એ આપણાં અજ્ઞાન અને ભ્રમ નથી શું ? જીવનમાંની બીજી બધી વસ્તુઓની જેમ મન અને બુદ્ધિ માણસની મિલકત જ અને તે જીવનના જેટલી જ નાશ-



વંત છે. મન અને બુદ્ધિ માણસ માટે છે; તેના વગર તેઓ કામ કરી શકતાં નથી. મનુષ્ય જીવનને આત્મ પ્રાપ્તિનું સાધન બનાવવામાં ન આવે તો તેની અંતિમ અને કાયમી કિંમત કાંઈ જ નથી. આથી જ ભલા ગોવાળે–ઈશુ–ખ્રિસ્તે–પ્રશ્ન પૂછ્યો હતો કે "આત્મા ગુમાવીને આખું જગત મેળવવામાં શો ફાયદો ?"

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥

મહાન બુદ્ધિથી જાણી નિગ્રહી આમ આત્મથી,
દુર્જય કામ વેરીને મહાબાહો સંહાર તું.

આત્મા બુદ્ધિથી પર મહાન છે એમ જાણી આત્મા વડે આત્માને વશ કરી હે મહાબાહો ! કામરૂપી દુર્જય શત્રુનો સંહાર કર.

રમણિકા : આમ આપણો એક માત્ર પ્રયાસ આપણું સાચું હિત કરનાર અર્થાત્ ઈન્દ્રિયો, મન અને બુદ્ધિથી પર એવું આત્મ-જ્ઞાન મેળવવાનો હોવો જોઈએ. આત્માને ઓળખવા ઈચ્છનારે કામનાનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે કામનાનો સંબંધ આત્મા જોડે છે અને તેની પાછળ દોડવામાં માણસ ભૂલો પડી આત્માથી ગાઉઓ દૂર ચાલ્યો જાય છે, માણસનો કટ્ટો દુશ્મન કામના છે. તે લલચાવનારાં સ્વરૂપો ધારણ કરે છે. અને મન એ લાલચો સામે ટકી શકતું નથી. માણસને સુખી કરવાનો ડોળ કરીને, તેની ઈંદ્રિયો અને મનને સંતોષનારા પદાર્થોનો તેને ગુલામ બનાવી દે છે, મનથી ઉભી કરેલી માયાની જાળમાં ફસાયેલો માણસ આત્માને કદી ઓળખી શકતો નથી. સાવધ સાધકને પણ કામના તો વિનાશને પંથે ખેંચી જાય છે. માટે જ મનને



સંપૂર્ણપણે આત્મામાં તલ્લીન કર્યા વિના એ દુશ્મનને જીતવો અશક્ય જ છે. ૨૩ (૩-૪૩)

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

જેમ ભભુકતો અગ્નિ કરે છે ભસ્મ કાષ્ઠને;
જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને બાળી ભસ્મ કરે ત્યમ.

અર્જુન ! જેમ ભભૂકેલો અગ્નિ લાકડાં બાળી મૂકે છે તેમ જ જ્ઞાન રૂપી અગ્નિ પ્રગટ થતાં બધાં કર્મોને બાળી મૂકે છે. ૩ (૪-૩૭)

यस्य सर्वे समारंभाः काम-संकल्प-वर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥

આરંભો સઘળા જેના કામસંકલ્પમુક્ત છે;
જ્ઞાન ગ્ને જે દહે કર્મો એને જ્ઞાની કહે બુધો.

જેના સર્વ આરંભો કામના અને સંકલ્પ વિનાના છે. કર્મો જ્ઞાનાગ્નિ વડે બળી ગયાં છે, એને જ્ઞાનીએં પંડિત કહે છે. ૨૫ (૪-૧૯)

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥
કામ, ક્રોધે છુટે છે જે યોગીનાં ચિત્ત સંયમે;
બ્રહ્મનિર્વાણ પામે એ જાણી લેતાં નિજાત્મને.

જેણે કામ ક્રોધ જીત્યા છે, મન વશ કર્યું છે અને આત્માને ઓળખ્યો છે એવા યતિજનો તો સદા બ્રહ્મનિર્વાણ અર્થાત્ મુકિત પામ્યા છે. ૨૬ (૫-૨૬)

રમણિકાઃ આવી શ્રદ્ધા અને ભકિત મેળવવા માટે અને શાંતિ તથા આત્મનિષ્ઠાના આંતરિક માર્ગે પ્રયાણ કરવા માટે, આપણે પહેલાં તો સદા આત્મામાં રમતા કોઈ જ્ઞાનીનો આશ્રય લેવો જોઈએ. એવા જ્ઞાનીની હાજરી આનંદપૂર્ણ શાંતિ પ્રસરાવે છે અને એનું દરેક કાર્ય એણે પ્રાપ્ત કરેલા સમગ્ર જ્ઞાનનો પરિચય કરાવે છે. તેની કૃપાપૂર્ણ હાજરીમાં આપણને આંતરિક શાંતિનો ઉંડો અનુભવ થાય છે,



એટલું જ નહિ પણ વિવેકબુદ્ધિ પ્રાપ્ત થાય છે કે જે વડે આપણે પ્રવૃત્તિમય હોવા છતાં, જીવન પ્રવૃત્તિથીયે પર એવા આપણા સત સ્વરૂપનો આપણે સાક્ષાત્કાર કરીએ છીએ. પોતાના ઉપદેશ અનુસાર કરવામાં આવતી જીવનની સાથે સાથે ઉભી થતી પ્રવૃત્તિનું તેમજ જ્ઞાનીની આત્મનિષ્ઠાની પરમ દશાનું એક સાથે અવલોકન કરવાથી આપણે નિષ્કામ કર્મનો સિદ્ધાંત સમજી શકીશું અને જીવનમાં તેનું વ્યવહારુ આચરણ કેમ કરવું તે જાણી શકીશું. જીવનને નિષ્કામ કર્મનો નિયમ લાગુ પાડવો એટલે કોઈ હિતભરી પ્રવૃત્તિમાં રોકાયેલા રહેવા છતાંયે તે બાબતમાં કોઈ પણ જાતની આસકિત ન રાખવી. ખરૂં જોતાં જ્ઞાની આદર્શ કર્મયોગી પણ હોય છે તેનાં કર્મો કામનારહિત હોય છે અને તે જ્ઞાનાગ્નિમાં ભસ્મ થઈ ગયેલાં હોય છે. (૨૪-૨૬)

शनैः शनैरुपरमेद् बुद्धया धृतिगृहीतया ।
आत्मसंस्थं मनःकृत्वा न किंचिदपि चिंतयेत् ।।
ધીર બુદ્ધિ વડે ધીમે મનને શાંત પાડવું.
આત્મમાં મનને ધારી અન્ય કાંઈન ચિતવું.

પહેલાં તો બુદ્ધિને ધીરજથી કેળવી અડગ બનાવવી પછી તે અડગ બુદ્ધિ વડે યોગીજન ધીરે ધીરે વિરામ પામે અને પોતાના મનને આત્મામાં પરોવીને બીજા કશાનો વિચાર ન કરે.

રમણિકા : જીવનના આ પરમ ધ્યેયને આપણે પરમેશ્વરના અવતાર સમા ગુરુની કૃપાથી પામી શકીએ છીએ. ગુરુજનની નિષ્કામ સેવા કરીને જે સદ્‌વસ્તુના એ મૂર્તિસમા છે, એની સેવા કરીને અડગ શ્રદ્ધા તથા ભકિત વડે સતત નિષ્ઠાપૂર્ણ સાધના કરીને ગુરુ કૃપા મેળવી શકાય છે. પૂર્ણતાએ પહોંચીએ નહિ ત્યાં સુધી આપણે સાધના વગર આગળ વધી



શકીએ જ નહિ. મનને તેના મૂળ સ્થાન-આત્મા તરફ વાળીને પૂર્ણ મનોનિગ્રહ મેળવવાનો પ્રયાસ ચાલુ રાખી, આપણે સિદ્ધિ મેળવવી જોઈએ. મનના સંયમ વિના ધ્યાન થતું નથી જ્યારે જ્યારે વિચાર ઉભો થાય ત્યારે ત્યારે દરેક પ્રકારના વિચારનો ત્યાગ કરી, આપણે કેવળ આપણા મૂળ સ્વરૂપમાં જ રહેવું જોઈએ. આત્મા સદા વિદ્યમાન છે. જેનું આપણે વિચારના મૂળ અર્થાત્ કેવળ શુદ્ધ સત્-ચિતરૂપે દર્શન કરવાનું છે, એ મૂળ સ્થાન અર્થાત હૃદયને પામવા માટે દરેક જાતના વિચારનો ઉચ્છેદ કરવો જોઈએ. માટે જ ગીતાનું કથન છે કે **न किंचिदपि चिंतयेत् ।** વિચારનો પૂર્ણ ત્યાગ એટલે મનોદશા, કારણ કે મન વિચારોના સમૂહ સિવાય કશું જ નથી. એક જ અદ્વિતીય બ્રહ્મનો સાક્ષાત્કાર સ્વયં માયા જાળરૂપી મન નાશ વિના અશકય છે. ૨૭(૬,૨૫)

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥
જ્યાં જ્યાંથી ચાવળું ચિત્ત ચળે,
ચંચળ અસ્થિર;
ત્યાં ત્યાંથી પાછું વાળીને,
આત્મામાં જ કરે વશ.

મન સ્વભાવે ચંચળ ને અસ્થિર છે. જ્યાંથી જ્યાંથી ભાગી જતું હોય ત્યાં ત્યાંથી યોગીજન તેને નિયમમાં લાવીને વશ કરે. ૨૮

यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥
વશેન્દ્રિયમનોબુદ્ધિ મુનિ મોક્ષપરાયણ;
ઈચ્છા ક્રોધ ભય ત્યાગે એ તો સદા ય મુક્ત છે.

જેણે પોતાનાં ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને સંયમમાં જોડયાં છે, જેણે ઈચ્છા, ભય અને ક્રોધના વેગો દૂર કર્યા છે, અને જે કેવળ મોક્ષ



માટે જ તત્પર છે એવો મુનિજન તો સદા મુક્ત જ છે. ૨૯ (૫-૨૮)

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥
પોતાને સહુ જીવોમાં ને પોતામાં બધા જીવો;
દેખે છે યોગ યુક્તાત્મા બધે ય સમદૃષ્ટિ જે.

પોતાના આત્માને સર્વ પ્રાણીઓમાં રહેલો તથા પોતાના આત્મામાં સર્વ પ્રાણીઓને રહેલા જોનારો સંયમી યોગી પુરુષ બધે સમભાવની દૃષ્ટિ રાખીને જુએ છે. ૩૦ (૬-૨૯)

રમણિકા: જ્યાં સુધી મન આત્મામાં તન્મય થઈ જાય નહિ ત્યાં સુધી તેને આત્મામાં સ્થિર કરતાં, આત્માના અંકુશ હેઠળ જ રાખ્યા કરવું જોઈએ. મન ઇંદ્રિયો વડે સહેલાઈથી દોરવાતું હોવાથી તે સ્વભાવે નબળું અને ચંચળ છે. ઇન્દ્રિયોને વશ કરવા પહેલાં

તો મનને વશ કરવું જોઈએ અને જે મોક્ષની ઇચ્છાવાળો છે તેણે બુદ્ધિનો પણ નિગ્રહ કરવો જોઈએ. આમ કરીને તે મોક્ષ પ્રાપ્તિની લગનીમાં પૂરેપૂરો તરબોળ થઈ જાય છે. સાધક જેટલા પ્રમાણમાં ઈન્દ્રિયો, મન અને બુદ્ધિનો સંયમ સાધે છે તેટલા જ પ્રમાણમાં તે મુક્તિનો અવર્ણનીય આનંદ અનુભવે છે. આ મોક્ષાનંદ પોતાની અંદર જ અંતર્ગત છે અને જ્યારે તે કામ, ભય કે ક્રોધ રહિત થાય છે ત્યારે જ તેને તેની પ્રાપ્તિ થાય છે. જ્યારે તે આત્મનિષ્ઠાની પૂર્ણતાએ પહોંચે છે ત્યારે તેને માલુમ પડે છે કે જે મુક્તિ તે શોધી રહ્યો હતો, તે બીજું કાંઇ નહિ પણ આત્મા સ્વરૂપ જ છે. અને બંધન તો મનને લીધે જ જણાય છે. એક વખત મનનો નાશ થઇ જાય તે પછી તેનામાં સમદૃષ્ટિ આવી જાય છે, તે સર્વદા આત્મામાં અને આત્મરૂપે



રહે છે. સર્વભૂતોમાં આત્માને અને સર્વ પ્રાણીઓને આત્મામાં નિહાળે છે. (૨૮–૩૦)

अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

જનો અનન્ય ચિત્તે જે કરે મારી ઉપાસના;
એ નિત્યયોગી ભકતોનાં ધારૂં છું યોગ ક્ષેમ હું.

અનેરા ભાવે જે ભકતજનો મારૂં ચિંતવન કરતા મને ભજે છે, એવા મારામાં જ નિત્ય રમણ કરનારા જનોનાં યોગ અને ક્ષેમનો ભાર હું ઉઠાવું છું. ૩૧ (૯–૨૨)

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥

એમાં જ્ઞાનિ નિત્યયોગી,
એકભક્તિ ચઢી જતો;
જ્ઞાનીને હું અતિ વ્હાલો ને,
એ વ્હાલો મને વળી.

આ ભક્તજનોમાં જે ભક્ત નિત્ય સમભાવના રાખનાર તેમ જ એકને જ ભજે છે, એ જ્ઞાની શ્રેષ્ઠ છે. હું જ્ઞાનીને અને જ્ઞાની મને અત્યંત પ્રિય છે. ૩૨ (૭-૧૭)

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

જ્ઞાન પામી ઘણે જન્મે આવે જે શરણે મુજ.
'વાસુદેવ જ આ સર્વ' એવો જ્ઞાનાત્મા દુર્લભ.

ઘણા જન્મો પછી જે જ્ઞાની છે તે મારે શરણે આવે છે. આ બધું વાસુદેવ ભગવાનનું સ્વરૂપ છે એમ જાણનારો મહાત્મા મળવો દુર્લભ હોય છે. ૩૩ (૭-૧૯)

રમણિકા: આત્મનિષ્ઠાની જે દશામાં 'અનન્યપણું' હોતું જ નથી તેમાં જ્ઞાન અને ભક્તિ એક થઈ જાય છે. આત્મા ખરી રીતે પરમાત્મા જ છે એટલે આત્મનિષ્ઠા એ પ્રભુ ભક્તિ જ



છે. આ રીતે પોતાનું જીવન પરમાત્માને સમર્પણ કરનાર પુરુષ ઈશ્વરની સતત અને નિશ્ચિત છત્રછાયાને મેળવે છે. કારણ કે ઈશ્વરને જ્ઞાની પર એટલો જ પ્રેમ હોય છે જેટલો જ્ઞાનીને ઈશ્વર પર હોય છે. આવા જ્ઞાની જનને (લૌકિક) પુનર્જન્મ મળતો નથી. ૩૧-૩૩.

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥

પાર્થ! છાંડે બધી ઈચ્છા,
જ્યારે જે મનમાં વસી;
આત્મામાં આત્માથી તૃપ્ત
સ્થિતપ્રજ્ઞ બને જ એ.

હે પાર્થ! જ્યારે મનમાં ઊઠતી બધી કામનાઓનો મનુષ્ય ત્યાગ કરે છે અને આત્મા વડે જ આત્મામાં સંતોષ સેવે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૩૪ (૨, ૫૫)

विहाय कामान् यः सर्वान्पुमांश्चरति निःस्पृहः।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

છોડી દે કામનાઓ જે વિચરે નર નિઃસ્પૃહ;
'હું ને મારા' વિનાનો થૈ પામે છે વીર! શાન્તિએ.

બધી કામનાઓને છોડી જે પુરુષ ઈચ્છા, મમતા અને અહંકારથી રહિત થઈને વિચરે છે એ જ શાન્તિને પામે છે. ૩૫ (૨–૭૧)

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥

જેનો ઉદ્વેગ ના કોને, તેનો કોને ય ના મળે;
હર્ષે, ખેદે, ભયે, ક્રોધે જે છુટ્યો એ મને પ્રિય.

જે જ્ઞાનીથી કોઈને ઉદ્વેગ થતો નથી તેમજ જે કોઈનાથી ઉદ્વેગ પામતો નથી તેમ જે હર્ષ, ક્રોધ, અદેખાઈ, ભય ઉદ્વેગોથી મુક્ત છે, તે ભક્ત મને પ્રિય છે. ૩૬ (૧૨–૧૫)



मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥

માનાપમાનમાં તુલ્ય, તુલ્ય જે શત્રુ મિત્રમાં;
સૌ કર્મારંભ છોડે એ ગુણાતીત ગણાય છે.

માન અને અપમાન તેમજ મિત્રપક્ષ અને શત્રુપક્ષ વગેરે જુદીજુદી બાબતો જેના મનમાં સરખી છે તેમજ જેણે સર્વ પ્રકારનાં કર્મોના સંકલ્પ છોડી દીધા છે, તે સર્વગુણથી પાર ગએલો ગુણાતીત છે. ૩૭ (૧૪–૨૫)

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥

આત્મામાં જ રતિ જેને, ને આત્મતૃપ્ત જે નર;
જે આત્મમાં જ સંતુષ્ટ એને કૈં કાર્ય ના રહે.

પણ જે માણસ સદા આત્મામાં જ રમણ કરનાર છે, જે પોતાના આત્માથી જ તૃપ્ત

છે અને તેમાં જ સંતોષ માને છે તેને કાંઈ પણ કરવાપણું રહેતું નથી. ૩૮ (૩–૧૭)

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः॥

કર્યા કે ના કર્યામાં કૈં એને ન હેતુ આ જગે;
ને એને સર્વ ભૂતોમાં કશો યે સ્વાર્થના મળે.

તે જ્ઞાની જનને કરવું કે ન કરવું તે બંને બાબતોમાં પોતાનો કોઈ સ્વાર્થ નથી, સર્વ પ્રાણીમાં તેને પોતાનો કશો અંગત સ્વાર્થ હોતો નથી. ૩૯ (૩–૧૮)

यदृच्छालाभसंतुष्टो द्वन्द्वातीतो विमत्सरः।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते॥

દ્વંન્દ્વોને મત્સરે મુક્ત તુષ્ટ સહજ લાભથી;
અસિદ્ધિ સિદ્ધિમાં તુલ્ય કર્યે ય ન બંધાય એ.



જે કાંઈ સહજે ભાવે મળી આવે છે તેનાથી તે સંતોષ સેવે છે જે સુખ દુઃખ વગેરે દ્વંદ્વોથી મુક્ત છે, દ્વેષરહિત છે અને સિદ્ધિ કે અસિદ્ધિમાં તટસ્થ છે, તે કાર્યો કરતો છતાં બંધાતો નથી. ૪૦ (૪–૧૨)

રમણિકા : એ સ્થિતપ્રજ્ઞ છે કારણ કે મનમાં ઉઠતી બધી કામનાઓનો એણે ત્યાગ કરેલો હોય છે. એ 'હું' અને 'મારું'ના ભાવથી છે, ને આત્મા વડે જ આત્મામાં તૃપ્ત રહી, સર્વ પ્રત્યે સંતુષ્ટ રહે છે. તે આખી સૃષ્ટિને ચાહે છે અને મિત્ર તેમ જ શત્રુ બંને પ્રત્યે સમાન પ્રેમ રાખે છે; કારણ કે જે પ્રભુનાં તે સર્વત્ર દર્શન કરે છે તેની પ્રત્યે ભક્તિ છે. એને આત્માની એકતા અને સર્વવ્યાપીપણાની પ્રતીતિ થએલ હોવાથી તે કેવળ આત્માને જ પ્રત્યેક સ્થળે જુએ છે. સદા આત્મામાં જ રમણ કરે છે.

આત્માથી જ તૃપ્ત રહે છે અને આત્મામાં જ સંતોષ માને છે; તેની દશા શુદ્ધાત્માની જ અને તેનાં બધાં કર્મો એની સહજ કૃપાનું બાહ્ય દર્શન જ છે એની કૃપા અપાર અને સર્વત્ર છે. (૩૪–૪૦)

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ॥
ઈશ્વર સર્વ ભુતોના હૈયે વસે ધનંજય;
ભમાવે સર્વ ભૂતો નેમાયાના ચાકડા પરે.

હે અર્જુન ! ઇશ્વર બધાં પ્રાણીઓના હૃદયમાં નિવાસ કરે છે અને પોતાની માયાના બળે ચાક ઉપર ચઢેલા ઘડાની જેમ [illegible]નને ચકર ચકર ફેરવે છે. ૪૧ (૧૮–૬૧)

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥



એને જ શરણે જા તું સર્વભાવથી, ભારત !
એની કૃપા વડે પામે, પરાશાન્તિ પરં પદ.

હે અર્જુન ! તારા સર્વ ભાવોથી તું તેનું શરણ લે. તેની કૃપા વડે તું પરમશાંતિને અપાવનાર અમરપદને પામીશ. ૪૨ (૧૮–૬૨)

રમણિકા : આટલું જાણી લેવું ઘટે કે આનંદની એ પરમ દશા હૃદયમાં આત્મરૂપે વસતા ભગવાનનું સર્વભાવે શરણ લેવાથી જ છે. તેની કૃપા વડે જ પરમ શાંતિ પૂર્ણ અમર-પદને પમાય છે. (૪૧, ૪૨)

सारोऽयमिह सारस्य गीतायाः सुविराजते ।
संगृहीतो भगवता रमणेन महर्षिणा ॥
ગુરૂશ્રી રમણાચાર્ય ભગવાન મહર્ષિએ,
દોહી આપ્યો ગીતા સાર કેવો સુમધુરો અહા !

य इमां श्रद्धयाऽधीतेश्लोकान् षट्सप्त संख्यकान् ।
सोऽधिगत्य तु गीतायास्तात्पर्यं सुखमश्नुते ॥

બે'તાલી શ્લોકમાં બે'ચ્યો,
ગીતાર્ક આ સુસાત્ત્વિક;
શ્રદ્ધાથી ભણી પાળે એ
સુખ પામે નિર'તર.

ભગવાનશ્રી. રમણ મહર્ષિએ અધ્યાત્મ ગીતા 'રૂપે સ'ગ્રહિત કરેલો આ ગીતાસાર બે'તાલીશ શ્લોકોમાં છે. તેનું જે શ્રદ્ધા ને ભક્તિપૂર્વક અધ્યયન કરે છે, તે ગીતાના તાત્પર્યને સમજીને પરમ સુખ પામે છે.

હરિ : ૐ તત્સમ્

---



# એક રે નજર !

એક રે નજર મારે તારી રે ભણી
નથી રે નજર કોઈ બીજાના ભણી ધ્રુવ૦
મેં તો પહેરી લીધો ચૂડલો તારો રે ધણી (૨) નથી૦

ઉંચા ઉંચા મહેલ મારે કામ ન આવે,
મન નહિ ભાવે.
મને વહાલી લાગે ઝું'પડી તારીરે ધણી (૨) નથી૦

સોળે શણગાર મારે કામ ન આવે,
મન નહિ ભાવે.
મને વહાલું લાગે જોગણ રૂપ રે ધણી (૨) નથી૦

હીરા માણેક મારે કામ ન આવે, મન નહિ ભાવે.
મને વહાલી લાગે તુળસીની માળારે ધણી (૨) નથી૦

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, હે સુખસાગર!
મારા હૃદયકમળમાં રહેજો રે ધણી (૨) નથી૦

# શ્રી ઉપદેશસાર

## શ્રી રમણોપનિષદ

ઈશની કૃપા આપતી ફળો,
કર્મ પાંગળું શું કરે કહો? ૧
કૃતિ સમુદ્રમાં પતનકારક,
ફળ અનિત્ય ને ગતિનિરોધક. ૨
ઈશને ધરે, નિઃસ્પૃહે રહે,
શુદ્ધચિત્ત થૈ, મુક્તિ મેળવે. ૩
કાય વાઙ્ મને કર્મ ઉચ્ચ છે,
અર્ચના, જપો ચિંતના ક્રમે. ૪
અષ્ટમૂર્તિ આ ઈશવિશ્વની,
સેવના જ એ ઈશ અર્ચના. ૫
સ્તવનથી ચઢે સ્વરિત, અંશુ ને,
મૂક જાપ તો ધ્યાન ઉચ્ચ છે. ૬
આજ્યધાર કે સ્રોત શી વહે,
સરળ ચિંતના ત્રુટકથી ચઢે. ૭



ભેદભાવથી સોઽહમાત્મની,
ભાવના ચઢે ઐક્યની શુચિ. ૮
ભાવશૂન્ય થઈ ભાવના બળે,
ભક્તિ ઉચ્ચ જે ઇશમાં ઠરે. ૯
મન હૃદે ધરો સ્વસ્થ એ ક્રિયા,
જ્ઞાન, યોગ ને ભક્તિ સુપ્રિયા. ૧૦
પ્રાણરોધને ચિત્ત જંપતું,
જાળમાં ફસે પક્ષી ઉડતું. ૧૧
ચિત્ત-વાયુ બે જ્ઞાન-કર્મની,
ડાળ માનવી શક્તિ વૃક્ષની. ૧૨
સ્તબ્ધ-નષ્ટ બે ચિત્તની સ્થિતિ,
સ્તબ્ધ તો ઉઠે, નષ્ટ ના કદી. ૧૩
પ્રાણરુંધને ચિત્ત જંપશે,
ઐક્ય ચિંતને નાશ પામશે. ૧૪
મન મુએ બને શ્રેષ્ઠયોગિ એ,
કાર્ય સ્વસ્થને શું પછી રહે? ૧૫
દૃશ્ય માત્રથી મન ઉઠાવશો.
હૃદયમાં ધરી તત્ત્વ પેખશો. ૧૬

'કોણ હું ?' તણી ભાળ લાધતાં,
ચિત્ત ના રહે માર્ગ ભાળતાં ૧૭
વૃત્તિ સૌ અહંવૃત્તિ આશ્રયે,
વૃતિ-ચિત્ત-હું એક છે ત્રણે. ૧૮
કયાં રહે અહં ભાળ લાગતાં,
ભાગતો અહં આત્મ જાગતાં. ૧૯
અહમહં બની પ્રબળ ખીલશે,
હૃદયપૂર્ણ સત્ પરમ દીપશે. ૨૦
ક્ષુદ્ર 'હું' રહે સ્વપ્ન જાગ્રતે,
હૃદ્ય હું હસે ઉંઘમાં ય તે ૨૧
ઇન્દ્રિયો, તમસ્, પ્રાણ, દેહ, ધી,
જડ અસત્ય એ, સત્ય એક મી. ૨૨
સત્ત્વ ભાસતું ન ચિતિથી જુદું.
ચિતિ જ સત્ત્વથી, સત્ત્વથી જ હું. ૨૩
જીવઈશ છે એક વાસ્તવે,
ભિન્ન ભાસતાં વેશધી વ?. ૨૪
વેશધી ગયે આત્મદર્શના,
આત્મદર્શને ઈશદર્શના. ૨૫



આત્મમાં ઠરો આત્મ દેખશો,
ભેદ નાશતાં આત્મનિષ્ઠ છો. ૨૬
અજ્ઞ સુજ્ઞ ના, ચિત્ત તો કશું,
જ્ઞાતૃજ્ઞાન ના, જ્ઞપ્તિ રૂપ હું. ૨૭
રૂપ શોધતાં આત્મદર્શના,
ચિત્સુખો મળે નિત્ય પૂર્ણ હા! ૨૮
બંધમુક્તિની પર જઈ સુખો,
આત્મનિષ્ઠ તો ભોગવે અહો! ૨૯
એસવે અહં આત્મદર્શના,
તપ સુભવ્ય એ રમણદર્શના! ૩૦

## બડી અનોખી રીત પ્રભુકી.

બડી અનોખી રીત પ્રભુકી........(૨)
હંસના સીખા હમને રો કે,
સબ કુછ જીતા સબ કુછ ખો કે...(૨)
ઉનકો પાયા ઉનકે હો કે
હારમેં દેખી જીત....................(૨)

હારમેં દેખી જીત પ્રભુકી બડી અનોખી રીત.
અપને થે સો હુએ પરાયે
જીવન સાથી કામ ન આયે............(૨)
પ્રભુ મન ભી મન કો યુ ભરમાએ
કોઇ ન તેરા મેલ......................(૨)
લોક લાજ ભી છોડ સહેલી
પીયા મીલન કો ચલી અકેલી......
કોઇ ન સંગી, કોઇ ન બેલી
જબ ઉન સંગ લગી પ્રીત...બડી અનોખી.

દિલીપકુમાર રૉય

## સુફી ગીત

ચકચૂર છું ! ચકચૂર છું ! તારે નશે ચકચૂર છું !
ચકચૂર છું ! ભરપૂર છું ! તારે નશે ચકચૂર છું !
હરદમ હમેશાં હર જગહ, ચિકાર હું, ચકચૂર છું !
તારે નશે મદમસ્ત હા મસ્તાન હું ચકચૂર છું !
મઝબુર છું મઝબુર છું ! તવ ઇશ્કમાં મઝબુર છું !
મઝબુર છું, મજબૂર હું, માલીક તુજ મઝદૂર છું !



મગદૂર શું ? મગદૂર શું ? માલીક મુજ મગદૂર શું ?
મનસૂર હું મઝબુર છું ! મજદૂર હું, મજબૂત છું !
નશો ચઢયો પરબ્રહ્મનો તે કો ઉતારી ના શકે !
ના જહાં, જન્નમ નહિ, જન્નત કશું નજરે પડે !
હું હું વિના, હું હું વિના, ના ના કશું નજરે ચડે !
બસ એક એકજ એક વીણ દુજું નથી તો કયાંજડે !

---

## અધીશ્વરીને

તું જ પ્યારી પ્રાણદા પરમેશ્વરી જ છો !
દેવી છો દયાળી દાની, આત્મભૂતા છો !
મૂર્તિ છો માધુર્યની પ્રતિમા પૂનીત છો !
પ્રેમની પાંચાલી છો, તું જીવનજ્યોતિ છો !
ઐશ્વર્યની અદ્દભુત ન્યારી કાન્તિ કાન્તિ છો !
મુજ નેનમાં તું નાચતી પાંચાલી પ્યારી છો !
આ પ્રેમસમૃદ્ધ હૃદયની હૃદયેનીશ્વરી તું છો !
મુજ રક્તસ્રોતનું ટીપું, ટીપું, ટીપું તું છો !

પળે પળે ક્ષણે ક્ષણે સ્થળે સ્થળે ય તું !
ઓ સ્વપ્નસુંદરી તને હું ઝંખું ઝંખું છું !
સામ્રાજ્ઞી તું સુધા પૂરી પ્રણયેશ્વરી જ છો !
પ્રણવ જાપ ધૂનમાં તુંહી તુંહી જ છો !
તું સમાધિ માહરી, તું બ્રહ્મમૂર્તિ છો !
ભવાની, કાળી, લક્ષ્મી, મા સરસ્વતી જ છો !
દુર્ગા તું દુર્ગહારિણી, ખરેખરી જ છો !
તું માત છો ભગિની છો, તું પુત્રી પત્ની છો !
આધિ વ્યાધિ કે ઉપાધિનો પછી શો ભૅા ?
તુજ સ્પંદને આ વન્દનો અભિનન્દનો જ હો !
મંદમાંથી ઉગ્ર અધિકારી બનીને હું,
પૂજું યજું ઋજુ તારી પ્રણયપાત્ર હું !
તું સ્પર્શમણિ, ચિન્મણિ ને નેત્રમણિ ય તું !
તું જ, તું જ, તું, જ સર્વ તું જ. તું જ હું !
સ્વાદિષ્ટ સુધા સિંધુના બિંદુ ચૂસી ચૂસી,
સંજીવનો મા ! સાધું હું તને ચૂમી, ચૂમી !
હું મત્સ્ય. પતંગ, કુરંગ, ભૃંગ તુજ તુજ તુજ !
દીપ્તિ તૃપ્તિની સદૈવ સાધક સાચી હું !



તું જ મારી સાધના ને સાધ્ય સિદ્ધિ તું !
તું જ મારી ઇષ્ટ શિષ્ટ મિષ્ટ મૂર્તિ તું !
તું જ મારી સ્ફૂર્તિ પૂર્તિ સર્વ કાંઈ તું જ !
તું જ, તું જ, તું જ હું, સદૈવ સદૈવ છું !
આશ તું, ઉલ્લાસ તું, સુહાસ મારી તું !
સંકર્ષ તું, ઉત્કર્ષ તું, નિષ્કર્ષ મારી તું !

## ગોપી ગીત

તું બને બસ કૃષ્ણ મારો, હું બનું તુજ રાધિકા !
સીતા હું શાણી તાહરી, તું રામની હું સાધિકા !
કુમુદિની કુંળી બની હું રેનભર ચૂમ્યા કરું !
જો બને તું કૃષ્ણ મારો બંસરી તુજ હું બનું !
બની જા તું સુભગ ચાંદલો, તો હું લગાવું ભાલમાં !
તું બને જો સૂર મારો નાચું હું તુજ તાલમાં !
તારી બની કમલિની હું, ભાગ્યભાનુ પૂજું તને !
હું રાત્રિરાણી, દિવસરાજા ! મ્હેકીએ ઊરઆંગણે !
સાગર ઘુઘવતો હું બની ઝુરું શશી તુજ સ્પર્શને !

મયૂરી બની હું તાહરી નેને ઝીલું તુજ અશ્રુને !
તુજ વેણુની સૂક્તિસુધા પીપી હું પુષ્ટ બનીશ ને,
ગીતા ગણું તુજ ભારતી, એ આરતી તારી થશે!
વામા બની તારી પૂરી, ઝુઝીશ સાદ્યંત સંગમાં,
લ્હાવા અમોલા લઈ દઇ, જીવીશું સાત્ત્વિક રંગમાં!
યોગિની બનું તુજ યોગમાં,ભોગિનીહું તુજ ભોગમાં!
ત્યાગિની તુજ ત્યાગમાં, રાગિણી હું તુજ રાગમાં!
પત્ની બનોશ મનોરમા, મનોવૃત્તાનુસારિણી,
તારિણી તારી બનીશ, સંસારસાગર તારવા !
પડઘો બની તુજ કૃત્યનો,ને તાલ બની તુજ નૃત્યનો,
તારી ખરી ભૃત્યા બની, હું વરું સદા કૃતકૃત્યતા!
શ્રેયસી તારી બનું તો પ્રેયસીની શી તમા ?
'ખમાખમા' કરી બાળને બનીશ હા અદ્‌ભુતઅમ્મા!
માંગલ્યની મૂર્તિ બનીશ,તપત્યાગની પ્રતિમા પૂરી,
ભવ્ય નવ્ય દિવ્ય કૈં દાંપત્ય દીપાવું ધીરી !
તપતપી ગાર્હસ્થ્યનાં વર્ષાવું સંપદ વાદળી !
સાહચર્યના સાફલ્ય વીણ યાચું વિશેષ કશું નહિ!



રમણા રમણ સંપડાત્ર એ, રમણો બનું હું સુદ્દમુદા!
રમણાં રમી કંઈ અવનવાં ઉમદા વરું હું ચાહના!
હંસી ચકોરી સારસી હું, તુજ અમોલી હું ઉષા!
ઉજાળી પ્રાંગણ પ્રેમથી, રેલાવું 'રમણીયતા' પૂષા!
તારી હતી ! તારી થઈ! તારી રહીશ હું સર્વદા!
તારી કરી, તારી મને, તારીશ તું તો સર્વથા !

## રાધિકા સાધિકાને

તું જ મારા પ્રેમનું પાવન પદીકું છો !
તું જ મારા જીવનની જવલંત જ્યોતિ છો !
તું જ મનશ્ચંદ્ર કેરી ચંદ્રની ચારુ છો !
તું જ મારા પ્રેમની પૂતળી અમૂરી છો !
તું જ મારા માનસરે મધુર મરાલી છો !
તું જ આ સંસારસરે સરોજ દેવી છો !
તું જ હૈયા હારનું મીનોઇ મોતી છો !
તું જીવન સિતારનો ઝંકાર મીઠો છો !
તું જ મારા ચશ્મનું અનેરું નૂર છો !
તું જ મારા શીરનો શીરતાજ આસ્સો છો !

તું જ મારી આશ યકીન વિશ્વાસ શ્રદ્ધા છો !
તું અમન ચમન મારે, તુને નમન હો !
તું જ મારી સારસી ચકોરી હંસી છો !
ચકોર, સારસ હંસ હું તારો બની રહ્યો !
ઘુતિ ચુતિ આપણી ભરપૂર બની રહો,
એથી અધિક અન્ય શું યાચું કહે અહો !
નાચું રાચું યાચું હું સાચું કહું ખરે !
તું હાસનો સુહાસ હું સુભાસ છું અરે !
અદ્‌ભુત પ્રેમયોગ આ સંસારના તટે,
ખીલવી ખેલી ખીલીએ રમણીય આરામે,
શ્રેય શ્રેય શ્રેયનો કેરો ઉન્મેષ રચી રચી,
ચાલો સખી સુધાસંગ પ્રસ્થાન પાડીએ !

## રાવિકાને અનુરોધ

(ગરબી)

હા લુણ વિહોણી નાર કંઇ કંઇ દીઠી છે !
પણ તું તો એક અદ્‌ભુત સલુણી પ્રીઠી મેં !



શા લાવણ્યના અંબાર તુજમાં ઉભરે રે !
શા પ્રીતિના રસધોધ તુંમાં ઉછળે રે !
માણું મીઠલડા મહાધોધ ગર્જે મોંઘા જે !
બનું ધન્ય ધન્ય મસ્તાન સ્નેહે સોંઘા એ !
પ્રીત તણી જે રીત અન્ય શું પરખે રે ?
કો રસિયા રસિક રસાળ વિરલા હરખે રે !
છે પ્રીત તણું તો મૂલ્ય અધિકી પ્રીતિ રે !
ના પ્રીત વીણ એ ચૂકવાય સાચી રીતિ એ !
હા જનમ જનમ સુકૃત જ્યારે ફળતાં રે !
સાંપડતો પ્રેમી સંત જીવનવસન્તે રે !
કરી કૃતકૃત્ય મસ્તાન સ્નેહે વિલસે રે !
ઉદ્ધારે આત્મ અમૂલ્ય ક્લેશ કીચડથી એ !
સંસ્કારે જીવન અતૂલ અવધૂત યોગીએ !
એ વર્ષે પ્રેમ પીયૂષ હૈયે ને તેને !
રસાળે એ રસકુંજ વાદળી વર્ષોને !
જગઆંબલિયારસડાળ કોકિલા ટહુકે રે !
કૂજે એ પંચમવેદ આતમની ગાથા !

સ્નેહવેદનના સૂર ટહૂકી ટહૂકીને,
એ પ્રેમની ગીતા ગાય હૈયાં ચીરીને!
ભવભવના સ્નેહ સંસ્કાર હૈયામાં છુપા!
જગવે એ સ્મરણો સુપ્ત લુપ્ત થતાં પહેલાં!
જત જાગી ઉઠે રોમાંચ વિહ્વલ થૈને રે,
ત્યારે સ્નેહસમાધિ લીન બન્ને, થઇએ રે!
બની ઉપાધિ આધિ દીન, વ્યાધિ ભાગે રે!
ના પાપ શાપ સંતાપ ક્લેશ કૈં ફરકે રે!
તવ જીવનનો મહાજ્યોત ઝળકી ઉઠે રે!
ને હાસ ઉલ્લાસ આનંદ ચોમેર ચમકે રે!
ત્યાં પ્રેમ પ્રભુના રાજ્ય દશ દિશ દમકે રે!
બસ જીવ્યું સાર્થક માત્ર ડૂબવું પ્રેમે રે!
જે ડૂબી તર્યાં એ ધન્ય બાકી બૂડયાં રે!
પ્રીતિની નીતિ એ જ સનાતન રીતિ છે!
સ્થાપો એ સ્થિતિ નિત્ય રાધિકા! વિનતિ એ!

[સંદેશના નારીકુંજના સૌજન્યથી-સં૦]



## ગમતું નથી!

મુજ પ્રેમની પ્રતિમા કને બેઠા વિના ગમતું નથી!
નૂર નૂરે ચશ્મતું પીવા વિના ગમતું નથી! મુજ૦
દમ બ દમ ખૂશબૂ ઝરે ચૂસ્યા વિના ગમતું નથી!
મુખથી દ્રવે લાવણ્ય એ ચાખ્યા વિના ગમતું નથી!
સ્ફુરન્ત મૂક સંગીત મધુ સુણ્યા વિના ગમતું નથી!
રમ્ય રંગ રંગાઈ સંગ જીવ્યા વિના ગમતું નથી!
હૃદ્ભાવ એ માણ્યા વિના લગીરે મને ગમતું નથી!
અંજલિ ભાવાશ્રુની આપ્યા વિના ગમતું નથી!
જીવનતાલે નાચતાં પ્રભુ! થાકતી કદિયે નથી!
વસ્લની બસ રાહમાં, થાજો ફના આ ઝીંદગી!
મરહમે યાદી રુઝાવે બદમખ્ત દિલી ઝખ્મ કંઇ!
રોશની રુહી કરાવે ઝાંખી દિલબરની તહીં! મુજ૦
રોયા વિના ગમતું નથી, જોયા વિના ગમતું નથી!
શાથી આ ગમતું નથી હું જાણતી કાંઇએ નથી!
,ગમતું નથી'નું ગીત આ ગાયા વિના ગમતું નથી!
'ગમતું નથી!'ની ગમત વીણ
ગમતું મને ગમતું નથી! મુજ.

સુ.

બસ જે હશે તેં ધાર્યું છે તેજ તો થવાનું;
ના મીનમેષ એમાં લવલેશ કાંઇ થવાનું. બસ૦
પ્યારા પિતા રમણ! તું દઢાવ એ જ શ્રદ્ધા;
તુજ શાસને હું વર્તું એથી ન અન્ય યાચું. બસ૦
મુજ સાધના અધુરી રહે માંદલી નમાલી,
સબળ સફળ મધુરી બનાવ વિશ્વમાળી! બસ૦
તારી કૃપાનું જાદુ, સાદુ છતાંય સ્વાદુ;
કરે મને એ અદનું જગશેતરંજ પ્યાદુ. બસ૦
કૃતકૃત્યતા હું માણું અધિકું કશું ન કલ્પું
યાચું હું, રાચું, નાચું તુજ દ્વાર પે કૃપાળુ! બસ૦
'ધાર્યું થશે ધણીનું', મારે ન લેવા દેવા!
માગું હું માત્ર સેવા તણા જ મિષ્ટ મેવા! બસ૦

જાગો, ઉઠો વીર, મળો સુશ્રેષ્ઠ,
છે ક્ષૂરની ધાર સમો સુતીક્ષ્ણ
મુશ્કેલ માર્ગ કવિઓ વદે એ
ના સંભવે કો પથ અન્ય એથી
ધસો સુવીરો પથ પે તમો એ.



## દંપતી ધર્મ

આર્યધર્મનીતિ; અધ્યાય સાતમો

ધર્મ અર્થ અને કામ સુસંપથી સુદંપતી;
વૃત્તિ-ચિત્ત-વ્રતે એક રહી પાળે અહર્નિશ. ૧
ભાર્યા અર્ધાંગભર્તાનું ભાર્યા શ્રેષ્ઠ સખા ખરે;
સંસારતરણે નૌકા ભાર્યા મૂળ ત્રિપૌરુષે. ૨
ભાર્યાવન્તા ક્રિયાવન્તા, ભાર્યાવન્તા ગૃહસ્થ જ;
ભાર્યાવન્તા સુખી થાય ભાર્યાવન્તા ઝીલે શ્રીએ. ૩
જન ને વનમાં યે છે, વિસામો ગૃહિણી ખરો;
વિશ્વાસપાત્ર પત્નીથી, પતિ એથી પરા ગતિ. ૪
ભાર્યા સમું નથી કોઇ, રુચિર પથ્ય ઔષધ;
ઔષધ સર્વદુ:ખોનું કહું છું સત્ય આપને. ૫
વસ્ત્ર, પ્રેમ, ધન, શ્રદ્ધા તેમ અમૃતવાણીથી;
સદા સંતોષવી દારા અપ્રિય ના કરો કદી. ૬
શાશ્વતધર્મનો પંથ સંતો આ આચરે સદા;
નિર્બળ પતિ હો તો ય ભાર્યાને રક્ષવી ઘટે. ૭

વિરહ કી આગ લગી દિલ ભારી!
તન ભી જલ ગયો, મનભી જલ ગયો!
જલ ગઇ ઈંદ્રિયોં સારી! વિરહ૦
કામ ભી જલ ગયો, ક્રોધ ભી જલ ગયો!
જલ ગયો મોહ વિકારી! વિરહ૦
નામ ભી જલ ગયો, રૂપ ભી જલ ગયો!
જલ ગઇ મમતા જાળી! વિરહ૦
'મેં મેં' જલ ગયો, તૂં તૂં જલ ગયો!
જલ ગઈ વૃત્તિ સંસારી! વિરહ૦
જો જો દેખા સભી હી જલ ગયો!
રહ ગયો મૌન મૂરારિ! વિરહ૦

—રામમૌનપ્રભુ

★

NOT TO BE ISSUED

NOT TO BE ISSUED

NOT TO BE ISSUED

5 AUG 1968
NOT TO BE ISSUED

SHML
25993

RARE BOOK
COLLECTION
UNIVERSITY LIBRARY

ENTERED

NOT TO BE ISSUED

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK
COLLECTION
UNIVERSITY LIBRARY

7 BL
1107
R2 P2

25993